# गायनदर्पण

અથવા

જુદા જુદા રાગની ઘણી સારી સારી ચીજો

તથા [illegible]ીઓનો સંગ્રહ,

તથા

હરેક રાગને લગતી સારીગમની સાથે

તેના [illegible]પનું જ્ઞાન મળે એવા સરળ[illegible]ર.

बनावनार


નર[illegible]રામ નરભેરામ મુનશી,

ગવર્નમેન્ટ મિડલ સ્કુલના માજી હેડમાસ્તર, અને

'સ્ટુડંટસ કંપૅનિયન તથા સ્ટુડંટસ મિરર'ના કર્ત્તા

તથા

લલિતારામ નરભેરામ મુનશી.



સુરતમધ્યે:

આયરિશ મિશન પ્રેસમાં છપાઇ.

સંવત ૧૯૪૮. સન ૧૮૯૨.

કિમ્મત ૧-૪-૦

# ગાયનદર્પણ

અથવા

જુદા જુદા રાગની ઘણી સારીસારી ચીજો

તથા હોળીઓનો સંગ્રહ,

તથા

દરેક રાગને લગતી સારીગમની સાથે

તેના સ્વરૂપનું જ્ઞાન મળે એવા સરળ ચિતાર.

**બનાવનાર**


**નરહરરામ નરભેરામ મુનશી,**

ગવર્મેન્ટ મિડલ સ્કુલના માજી હેડમાસ્તર, અને 'સ્ટુડંટસ કંપાનિયન'

તથા સ્ટુડંટસ મિરર'ના કર્ત્તા

તથા

**લલિતારામ નરભેરામ મુનશી.**



સુરતમધ્યે:

આયરિશ મિશન પ્રેસમાં છપાઇ.

સંવત ૧૯૪૮. સન ૧૮૯૨.

કિમ્મત ૧-૪-૦

# अर्पणपत्रिका.

હિઝ હાઈનેસ ગોહેલ શ્રી માનસિંગજી બહાદુર

પાલીતાણાના ઠાકોર સાહેબ,

આપ ગાયનના શોખી છો તથા આપના મનની
મહત્વતા તથા ઔદાર્યતા અને વિદ્યોત્તેજક
પ્રકૃતિ પ્રસિદ્ધ છે તેને વાસ્તે

આ લઘુ પુસ્તક

આપની પવિત્ર સેવામાં અમે નીચે સહી કરનારા
આપના આજ્ઞાંકિત સેવકોએ નમ્રતાપૂર્વક
આપની રજાથી અર્પણ કીધું છે.

નરહરરામ નરભેરામ મુનશી.

લલિતારામ નરભેરામ મુનશી.

# अभिप्रायपत्रिका.

‘ગાયનદર્પણ’ નામકા પુસ્તક જો સુરતકે રહનેવાલે બડનગરે નાગર ગૃહસ્થ મી. નરહરરામ નરભેરામ મુનશી ઓર મો. લલિતરામ નરભેરામ મુનશીને છપાયાહે વો મેને દેખાહે. યે પુસ્તક મેરી નજરમેં અચ્છી આતી હૈ, સબબ ઈસમેં ગાયનવિદ્યાકા અભ્યાસ કરનેકી જીનોંકી મરજી હોવે ઉનોંકે ફાયદેકે વાસ્તે સમ સુરોંકી ઓર સપ્તકોંકો અચ્છી સમજ માલુમ હોતીહે. જુદે જુદે રાગોંકો સારીગમકી સાથ જો ઠાઠ દેનેમેં આયેહે વો ઠાઠ મેરે સમજમેં અચ્છે આયે હૈ, કારનકે તીન સપ્તકોંકે ચિન્હ ઈન ઠાઠોંમેં દીયેહે ઈસલીયે રાગોંકે ખરે સરૂપકી દર્સાવટ હોવે એસાહે. યે પુસ્તકકી ખુબીકી દુસરી બાત યે હૈ કે જુદે જુદે રાગોંમેં ગાનેકી જીતની જુની જુની અચ્છી અચ્છી ચીઝેં લીખનેમેં આઈહે, ઉતની ચીઝોંકે મથાલેપર રાગકે નામ, તાલકે નામ; સમકે અક્ષર, ઓર સુરભી લીખાહે. જો સમ રાગમાલા મી. નરહરરામને આપસે બનાઈ હૈ વો રાગમાલાસે યે પુસ્તકકી ખુબીમેં બહોત બધારા હોતાહે. યે રાગમાલા મેને મી. નરહરરામકે મુસે સુનીહે ઈસવાસ્તે મેં કહતાહું કે યે રાગમાલા ભકિતરૂપ ઓર બહોત અચ્છીહે.,

જો જો મેને દેખાહે ઓર જો જો મેને મી. નરહરરામકે મુસે સુનાહે, ઈસપરસે મેરા અભિપ્રાય એસા હૈ કે યે પુસ્તક ઉત્તેજન લાયક ઓર રાગવિદ્યા સીખનેકા શોખ રખનેવાલેકુ બહોત ઉપયોગી હૈ.

સુરત,
તા. ૨૬ મી જાનેવારી, ૧૮૯૨.

પીતાંબર મીસર સહી.
લખનોરકે મરહુમ બાદશાહ
વાજદઅલીશાહકે દરબારી ગવૈયા.

# પ્રસ્તાવના.

રાગવિદ્યા એ કુદરતી વિદ્યાઓનો એક ઘણો અગત્યનો ભાગ છે. હિંદુ લોકમાં ઋગવેદ, યજુર્વેદ, સામવેદ, અને અથર્વવેદ એવા ચાર વેદ છે. એ ચાર વેદમાં સામવેદ ગાયનરૂપ છે. એ વેદમાં ગાયનના બધા સ્વરો આપેલા છે. એ સ્વરોનું નિયમપૂર્વક બંધારણ છે, અને એ બંધારણ પ્રમાણે એ સાત સ્વરની નિશાણી પર નજર રાખીને એ વેદનું અધ્યયન કરવાનું છે. એ વેદના તાબામાં એક વેદ આવેલો છે તે એનો ઉપવેદ કહેવાયછે. એ ઉપવેદને ગાંધર્વવેદ કહેછે. ગાંધર્વવેદનું બીજું નામ સંગીતશાસ્ત્ર છે. સંગીત બોલતાં ગાવું, નાચવું, અને વગાડવું એટલાં વાનાં આવેલાં છે. સામવેદપ્રમાણે બ્રહ્મા, સરસ્વતી, અને નારદથી રાગવિદ્યાની ઉત્પત્તિ છે.

૨. પરમકૃપાળુ ઈશ્વરે દુનીઆ પેદા કીધી ત્યારથીજ રાગની ઉત્પત્તિ છે, કારણ કે દુનિઆના આરંભની સાથેજ તેણે બુલબુલ, કોયલ, અને પપૈયા જેવાં મધુર સ્વરનાં પક્ષીઓ પેદા કર્યાં છે. વળી વાદળાંના ગડગડાટનો અવાજ, મહાસાગર તથા દરીઆનાં મોજાનો અવાજ, અને જુદા જુદા પશુ પક્ષીના જુદા જુદા અવાજ ઉપરથી પણ જણાયછે કે રાગની ઉત્પત્તિ શરૂઆતથીજ છે. હિંદુઓ માને છે કે રાગવિદ્યા ઈશ્વરને ત્યાંથી આવેલી છે, અને ભારત નામના વિદ્વાન ઋષિથી તેનો આરંભ થયલો છે. પ્રાચીનકાળના ઋષિમુનિ રાગ કાઢીને વેદનું અધ્યયન કરતા હતા. શિવજીનું તાંડવનૃત્ય તથા શ્રીકૃષ્ણની મુરલીનો ચિત્તાકર્ષક અવાજ સંગીતશાસ્ત્રના નિયમોને અનુસરતા હતા. વિરાટ નગરના વિરાટ રાજાએ પોતાની દીકરી ઉત્તરાને નાટ્યવિદ્યાનો અભ્યાસ કરાવવાને અર્જુનને રાખ્યો હતો. એવીજ રીતે ગાયનશાળા સ્થાપીને મોટા મોટા તવંગર અને ઉંચા ખાનદાનવાળા સદ્ગૃહસ્થો પોતાના છોકરા છોકરીને અભ્યાસ કરાવતા હતા. હિંદમાં વામદેવ, નારદ, તુંબરૂ, વિશ્વાવસુ, સારંગદેવ વગેરે ગાયનવિદ્યાનો પ્રસાર કરનારા થઈગયા છે. રાગવિદ્યામાં જેઓ પ્રવીણ હતા તેઓને નાયક કરીને કહેતા હતા. એવા નાયકોનાં નામ, પાર્વતી, સરસ્વતી, રાવણ, અર્જુન, ગોપાળ, બૈજુ, બક્ષુ, ભગવાન વગેરે. અકબર બાદશાહના વખતમાં તાનસેન, સોભાનખાન, ચાંદખાન, મીરજાઆકેલ, દાઉદ વગેરે નામાંકિત ગવૈયા હતા. તેઓએ ગાયનકળામાં સારો સુધારો કર્યો હતો. હિંદના ધર્મમાં ચાર મત છે તેનાં નામ શિવમત, બ્રહ્મમત, પીંગલનાથમત અને હનુમાનમત. એ ચાર મતમાંથી ફક્ત હનુમાન મતજ રહેલો છે. હિંદુઓ રાગને દેવતાતરીકે અને

રાગ ઓને અપ્સરાતરીકે માનેછે. અસલના વખતમાં ઈજીપ્ટ, ગ્રીસ, ઈટાલી, ઈરાન, ચીન વગેરે દેશોમાં રાગવિદ્યા હતી, અને તેની પાછળ સારૂં લક્ષ દેવામાં આવતું હતું. ઈંગ્લાંડમાં સને ૧૪૫૦ થી અને ફ્રાંસમાં સને ૧૭૦૦ થી રાગવિદ્યાનો આરંભ થયલો કહેવાયછે. સને ૧૭૦૦ માં ઇંગ્લાંડ ખાતે રાગ બનાવનારા દાક્તર નાથાનીઅલ જાઈલ્સ, ટૉમસટૉમ્કિન્સ, હેનરિ પરસેલ, પેલહામ હંફરી વગેરે હતા. જ્યારે પેહેલો જેમ્સ ઈંગ્લાંડની ગાદીપર હતો, ત્યારે ઑક્સફોર્ડની પાઠશાળામાં ગાયનવિદ્યા દાખલ કરવામાં આવી હતી. પેહેલા ચાર્લ્સના વખતમાં અમુક માણસોને હક મળવાથી તેઓ પાદશાહી ગવૈયા કહેવાતા હતા. સને ૧૭૩૮ મા ઈંગ્લાંડમાં એક ફંડ ઉભું કરવામાં આવ્યું હતું. એ ફંડમાંથી ઘરડા અને અશક્ત થઈગયલા ગવૈયાનું ઉત્તેજન દાખલ પોષણ કરવામાં આવતું હતું. સર વિલિયમ જોન્સ નામનો અંગ્રેજ જેને ૨૮ ભાષાનું જ્ઞાન હતું તેનો રચેલો એક ગ્રંથ નામે 'એશિયાટિક રીસર્ચિસ' છે તેનું ત્રીજું પુસ્તક જે લંડનમાં સને ૧૮૦૭ માં છપાયું તેને પાને પંચાવનમે હિંદુ રાગવિશે સારૂં બયાન કરેલું છે. દાક્તર ગિલક્રિસ્ટે સને ૧૭૯૮ માં ઓરીએન્ટલ લિંગ્વિસ્ટ તથા હિંદુસ્થાની ગ્રામર છપાવ્યાં છે તેમાં તેણે હિંદી રાગવિશે સારૂં બયાન કીધું છે.

૩. અસલના વખતમાં જુદા જુદા દેશોમાં જુદી જુદી હાલતમાં રાગવિદ્યા હતી, તેમ હાલમાં પણ જુદે જુદે ઠેકાણે છે. રાગ ખરે અતુલ્ય અને અમૂલ્ય વસ્તુ છે, અને એની શક્તિ અદ્ભુત છે. રૂમ શેહેરનો પ્રખ્યાત વક્તા સિસરો હતો તેનું કહેવું એવું હતું કે માણસનું શરીર જાતે એક ઉંચામાંઉંચું અને મીઠામામીઠું વાજીંત્ર છે. માણસોનાં મનપર રાગની ચમત્કારિક અસર થાયછે એટલુંજ નહિ, પણ હલકાં પ્રાણીપર પણ એની અસર ખરે અચંબો પમાડે એવી છે. હરણ, સર્પ વગેરેને ગાયનનો માણસના જેટલોજ અથવા તેના કરતાં વધારે શોખ હોયછે. ઘણા વરસની વાતપર એક માણસનો આપેલો હેવાલ એવો છે કે હું એક ઠેકાણે જંગલમાં બેઠો હતો, ત્યારે એક શીરાજુદાલા નામની રાક્ષસી સુસ્વર ગાયન કરતી હતી, અને તેનું ગાયન સાંભળવાને બે હરણ આવીને બેઠાં હતાં. એ હરણો રાગ સાંભળવામાં એટલાં તો તલ્લીન થઈ ગયાં હતાં કે તેઓને બીજી કશી વાતનું ભાન નહોતું. એ બે હરણમાંથી એકનો મેં શિકાર કીધો ત્યાંલગી તેઓ જ્યાં હતાં ત્યાંજ બેસીરહ્યાં. વળી એક વાત એવી છે કે એક બીનનો વગાડનાર નામે મીરજા મહમદ કરીને હતો, તે શિરાજમાં બીન બજાવતો હતો, ત્યારે બુલબુલ પક્ષી તે સાંભળવાને ટોળે થતાં, અને જ્યા સુધી તે બજાવવાનું કામ ચાલતું ત્યાં સુધી તેના સ્વરોમાં લીન થઈને ઠરી રહેતાં, અને તે બજાવી રહેતો ત્યારેજ તે જગાએથી ખસતાં. યુરોપના દેશોના અને

હિંદુસ્થાનનાં રાગોના બંધારણમાં મળતાપણું છે. એક હોશિયાર જરમન ગવૈયો હતો, તેણે એક વખત એક હિંદુ બીન બજાવનાર જોડે સારંગી વગાડી, અને તે બીન બજાવનારે શ્રીકૃષ્ણના પ્રેમરસના રાગના મધુર સ્વર બજાવ્યા, ત્યારે તે ગવૈયાએ કહ્યું કે બન્નેનું બંધારણ એકસરખું છે. મિ. મોરશો કહેવામાં એમ હતું કે મેં મારા તંબુરામાં એક ગામડી ગાનારનો અવાજ ઉતાર્યો તે ઉપરથી મારી ખાતરી થઈ કે હિંદુના સાતસ્વરનું ધોરણ આપણા જેવું છે.

૪. રાગની સંખ્યા ખરેખરી છ છે, અને એકેક રાગને પાંચ પાંચ સ્ત્રીઓ છે, અને તે સ્ત્રીઓને રાગણીઓ કહેછે. તેથી છ રાગ અને ત્રીસ રાગણી મળીને છતરીસ થાયછે. વળી એકેક રાગને આઠ આઠ પુત્ર છે, તેથી બધા મળીને અડતાળીશ પુત્રો થાયછે. એકેક પુત્રને એકેક સ્ત્રી છે, એટલે પુત્રો અને તેઓની સ્ત્રીઓ મળીને ૯૬ થાયછે. એ છનેવમાં છતરીસ ઉમેરવા એટલે એકંદર સંખ્યા એકસો ને બતરીસ થાયછે. એમ પણ કહેવામાં આવ્યું છે કે શ્રીકૃષ્ણ જે વખતે રાસલીલા કરતા હતા તે વખતે ૧૬૦૦૦ ગોપીઓમાંની એકેક તેનું મનરંજન કરવાને પોતાથી બનતી મહેનત કરીને એકેક રાગ ગાતી. એ ઉપરથી માલમ પડેછે કે તે વખત રાગની સંખ્યા ૧૬૦૦૦ હતી. છ રાગ તથા ત્રીસ રાગણીઓ નીચે પ્રમાણે છે :—

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| રાગ ભૈરવ. | રાગમાલકોસ | રાગ હીંડોલ. | રાગ દીપક. | શ્રી રાગ. | મેઘ રાગ. |
| ૧ રાગણી ભૈરવી | ૧ રાગણી ટોડી | ૧ રાગણી રામકળી | ૧ રાગણી દેશી | ૧ રાગણી મારવા | ૧ રાગણી ટંક |
| ૨ ,, બેરારી | ૨ ,, ગોડી | ૨ ,, દેશાખ | ૨ ,, કામોદ | ૨ ,, માલવી | ૨ ,, મહલાર |
| ૩ ,, મધમાધ | ૩ ,, ગુણકલી | ૩ ,, લલત | ૩ ,, નટ | ૩ ,, ધનાસરી | ૩ ,, ગુજરી |
| ૪ ,, સીંધવી | ૪ ,, ખંબાવતી | ૪ ,, બીલાવલ | ૪ ,, કેદારો | ૪ ,, બસંત | ૪ ,, ભોપાલ |
| ૫ ,, બંગલા | ૫ ,, કોકબા | ૫ ,, પટમંજરી | ૫ ,, કાહાનડો | ૫ ,, અસાવેરી | ૫ ,, દેશકાર |

૫. રાગ રાગણીઓનાં બંધારણ તથા તેઓનાં સ્વરૂપની દર્શાવટનો આધાર જે સપ્તસ્વર કહેવાયછે તે ઉપર તથા એ સપ્તસ્વરના ભેદ જે શુદ્ધ, કોમળ, અને તીવ્ર છે તે ઉપર રહેલો છે. બધા રાગ રાગણીઓનું બંધારણ સરખું નથી, તથા બધામાં સરખા સ્વર આવતા નથી, તેથી તેઓના ત્રણ ભાગ કરવામાં આવ્યા છે, અને એ ત્રણ ભાગનાં નામ ઓડવ, ખાડવ, અને સંપૂર્ણ છે. ઓડવ એટલે પાંચ સ્વરવાળા, ખાડવ છ સ્વરવાળા, અને સંપૂર્ણ સાત સ્વરવાળા. આ બાબતમાં જોઈએ એટલો ખુલાસો આગળ આપેલો છે, તેથી આ ઠેકાણે વધારે લખવાની જરૂર નથી.

૬. રાગવિદ્યા જેમ ઉત્કૃષ્ટ અને અતિ મનોરંજક છે, તેમ એ વિદ્યાનું જ્ઞાન સંપાદન કરવું બહુ મુશકેલ છે. એ વિદ્યારૂપી એક જબરો કિલ્લો છે, જે હસ્તકરવાનું કામ જે માણસનું એ વિદ્યાતરફ સ્વાભાવિક વળાણ હોયછે તેનાથીજ થઇ શકે એવું છે. એમ છતાં એ વાસ્તવિક વાત છે કે હરેક માણસનું કુદરતી વળણ સરખું હોતું નથી, તેથી જેમ બીજી વિદ્યાની પાછળ અતિશ્રમ લીધાથી તે વિદ્યાનું સારૂં જ્ઞાન મળી શકેછે, તેમ એ વિદ્યાનો ખરો શોખ રાખનાર જો તનમનથી મંડીને અભ્યાસ કરે તો તે પ્રવીણતાને પામે ખરો, અને પ્રવીણતા મળી એટલે એ વિદ્યામાં જે ગુપ્ત અત્યાનંદ રહેલો છે તેની પ્રાપ્તિ તેને થયાવિના રહે નહીં. રાગવિદ્યાનો અભ્યાસ કરવો એ દરેક માણસની અવશ્ય ફરજ છે, કારણ કે એ વિદ્યાનું સારૂં જ્ઞાન ધરાવનાર માણસ સદા આનંદમાં રહેછે. જુદા જુદા રાગોનું જ્ઞાન તેનામાં રહેલું છે તેથી તેનું અંતઃકરણ બાગબાગ ખીલી રહેછે. પ્રભુપ્રાર્થના કાર્યસાધક થાય એટલા સારૂ એકાગ્રચિત્ત તથા લીનતાની ખરી જરૂર છે. એ એકાગ્રચિત્ત અને લીનતા આણનારી વસ્તુ ગાયનના જેવી બીજી કોઇ નથી. ઇશ્વરસ્તુતિમાં એકાગ્રચિત્ત અને લીનતા થઇ એટલે મુક્તિની પ્રાપ્તિ થયાવગર રહે નહીં, કેમકે મુક્તિનાં ખરાં સાધન એ બે વસ્તુઓ છે. રોગી તન અને ચિંતાતુર મન ઉપર ગાયનની અસર ખરે આશ્ચર્યકારક છે. માણસ જાતપર કંઇ કંઇ જાતના રોગ આવી પડેછે, અને તેને માટે કંઇ કંઇ જાતના ઇલાજો કરવામાં આવેછે. અમુક રોગપર ગાયન દવાનું કામ કરે એ બાબત હાલમાં મોટા મોટા દાક્તરોની તરફથી તજવીજ કરવામાં આવેછે. કેટલેક દરજ્જે ગાયન દવાની ગરજ સારી શકેછે એમાં કંઇ શક નથી. મુકરર ગાયન ગાવાથી ઘણા ધંધામાં મેહેનતનો બોજો હલકો થાયછે, અને જે કામ કરવાનું હોયછે તે સહેલથી અને સારૂં થાયછે. ગાયનના મધુર સ્વરોથી અતિશે રાહાડમાં આવેલું બચ્ચું પણ છાનું રહી જાયછે. આ ઉપરથી હરકોઇના મનમાં એમ આવ્યા વગર રહેશે નહીં કે રાગવિદ્યાનો અભ્યાસ કરવામાં પોતાનો વખત કાઢવો એ તેનો અવશ્ય ધર્મ છે.

૭. ગાયન સારૂં અને ખુબીદાર થાય તેને માટે સારો ઘાંટો, છાતીનું જોર, કોમળતા, સારીગમનું સારૂં જ્ઞાન, તાલ સુરની સારી સમજ, સાચી અને કાનને સારી લાગે એવી તાન, ગાવાની ચીજના દરેક શબ્દનું બરોબર સંભળાએ અને સમજાય એવી રીતનું ઉચ્ચારણ, અને મ્હો તથા આખા શરીરની કુદરતી સ્થિતિ, એટલી વસ્તુની જરૂર છે.

૮. હાલમાં રાગવિદ્યા છેક પડીભાગી છે, અને લોકોનો મોટો ભાગ એ બાબતમાં છેક બેદરકાર થઇ ગયો છે. ખરેખરી રાગદારીનો શોખ ઘણુંકરીને નીકળી ગયો છે, અને દાદરા ઠુમરી, લાવણી, ગજલ, અને ગરબા તરફ વધારે

વખાણ થયું છે. એ બધાની સાથે મુંબઈ ઢબનાં નાટક ગાયનો ઘણાં દાખલ થયાં છે. ગવૈયાનાં ગાયન તથા રામજનીઓના નાચમાં થતાં ગાયન પહેલાનાં જેવાં રહ્યાં નથી. સિતાર, તાઉસ વગેરે વાજીંત્ર વગાડવાનો શોખ આજ કેટલીક મુદત થયાં ઉત્પન્ન થયેલો છે એ સંતોષકારક છે. પરંતુ એવો શોખ રાખનારાએ ખુબ યાદ રાખવું કે પહેલું કામ તો ગાતાં શીખવાનું છે. ગાતાં આવડ્યાવગર વગાડવું એ બહુ કસુતર અને કઠણ છે. એટલા માટે વગાડવાના શોખીલાઓએ પ્રથમ શુદ્ધ, કોમળ, તીવ્રની સમજ સાથે સપ્તસ્વરનું તથા ત્રણ સપ્તક બાબતનું જ્ઞાન સંપાદન કરવાને, તથા જુદી જુદી ચીજો ગાતાં શીખવાને બનતી મહેનત કરવી. જેઓનો પેશો ગાયનનો છે તેઓમાં પણ રાગવિદ્યાના મુકરર નિયમોના સારા જ્ઞાનની જરૂર છે. હમારી આ ચોપડીનો ખંત રાખીને અભ્યાસ કરવાથી એ લોકને પણ ઘણો ફાયદો થાય એવું છે, તો પછી બીજાઓને થાય એમાં શી નવાઈ? મિ. મનુરામ ગંધરપ જેઉ અમદાવાદમાં રહેછે, તેઉ આ ચોપડી છપાવવા માંડી તે પહેલાં કેટલાક મહિનાપર સુરત આવેલા હતા, અને જોવા લાયક હતું તે તેઉને બતાવવામાં આવ્યું ત્યારે તેઉએ કહ્યું હતું કે એવી ચોપડી બીજા લોકને કામ લાગશે એટલુંજ નહીં, પણ હમારા લોકને પણ બહુ ઉપયોગી થઈ પડશે. સુરતના કેટલાક ગૃહસ્થોનું કહેવું એમ છે કે અત્રે એક ગાયનશાળાની ખરેખરી જરૂર છે. હમે એવા ગૃહસ્થોને કહીએછીએ કે તમારૂં કહેવું ખરૂં છે, કારણ કે ખેતીવાડી, ચિત્રવિદ્યા વગેરેને સરકાર તરફથી ઉત્તેજન મળેછે તેમજ ગાયનવિદ્યા પણ ઉત્તેજનલાયક છે, પરંતુ એવી શાળા નીકળે તેને માટે એક કરતાં વધારે સદ્‌ગૃહસ્થોએ આગળ પડીને તનમનથી બનતો શ્રમ લેવો જોઈએ. હમારી ચોપડીનાં વખાણ કરવાં એ હમે ઠીક ધારતા નથી, તેથી હમો એવી આશા રાખીએછીએ કે એ ચોપડી છપાઈને બહાર પડ્યા પછી તે ખરેખર બહુ ફાયદાકારક છે કે નહીં એ વાતનો નિશ્ચય કરીને સુરતખાતે ગાયનશાળા સ્થાપવા બાબત વિચાર કરવાનું કામ માથે લેવાને સદ્‌ગૃહસ્થોની પૂરતી સંખ્યા ખરી ઉલટથી બહાર પડશે, અને એ કામ પાર પાડવાને પોતાથી બનતી મહેનત કરશે.

૯. આ ચોપડીનું નામ હમે "ગાયનદર્પણ" (અથવા જુદા જુદા રાગની ઘણી સારી સારી ચીજો તથા હોળીઓનો સંગ્રહ, તથા દરેક રાગને લગતી સારી ગમની સાથે તેના સ્વરૂપનું જ્ઞાન મળે એવો સરળ ચિતાર) રાખ્યું છે. એ ચોપડીમાં રાગ રાગણીઓ મળીને અથવા સાધારણ રીતે કહીએ તો ૪૯ રાગ આપેલા છે, અને એટલા રાગની સાથે ચૂંટી કાઢેલા ગરબા, રેખતા, ગજલ, લાવણી અને પ્રભાતીઆં આપેલાં છે. એ ચોપડીનાં ખાસ લક્ષણ નીચે પ્રમાણે છે:—

અ. શુદ્ધ, કોમળ, અને તીવ્રના ખુલાસાસાથે સપ્ત સ્વરની સમજ, તથા ત્રણ સપ્તકના સ્વર કેવી રીતે બોલવા એ બાબત મુકરર નિશાણી આપવામાં આવી છે.

આ. સિતાર નામના વાજીંત્રના સાત તારને મેળવવાને અર્થે તેઓમાં અરસપરસ સંબંધ રહેલો છે તેનો ખુલાસો, તથા એ વાજીત્રમાં ત્રણ સપ્તકની જુદી જુદી રીતની દર્શાવટ તથા સાધારણ રીતે સત્તર પડદા હોયછે તે વિગતની સમજ.

ઇ. ઓડવ, ખાડવ, અને સંપૂર્ણના ભેદ તથા શુદ્ધ, કોમળ અને તીવ્રની સમજસહિત દરેક રાગની સારીગમ, તથા તેનું ખરૂં રૂપ દર્શાય એવો અમુક સુરોની ખાસ મેળવણીથી બધી વાતપર વિચાર કરીને બનાવેલો ઠાઠ.

ઈ. ગાવાની દરેક ચીજને મથાળે તે ચીજ જે રાગની હોય તે રાગનું નામ, જે તાલમાં તે ગાવાની હોય તે તાલનું નામ, અને તેનો સમ જે અક્ષર પર હોય તે અક્ષર અને તે અક્ષર સપ્તસૂરમાંનો જે સૂર હોય તે સૂર.

ઉ. દરેક રાગનો ચાલતો નંબર, માનનો સૂર, વર્ગ, વખત, કોમળ તીવ્ર સૂર, અને જે સૂરપર તે રાગની દર્શાવટનો આધાર રહેલો છે એવા આગળ પડતા એટલે વધારે લંબાવીને બોલવાના સૂર, એટલાં વાનાં આવે એવું ચોપડીને છેડે આપેલું કોષ્ટક.

ઊ. ગાવાની જેટલી ચીજો છે તેમાંની ઘણીખરી લાંબી મુદતપર થઈ ગયલી સુરતની લાડુ તથા ઉત્તમ ઝગમગ નામની રામજની તથા લાલાજી વગેરે સારા સારા ગવૈયાના ગાવામાં આવતી તે છે.

એ. સાધારણ રીતે એમ સમજ્યામાં આવેછે કે હોળી એટલે કાફીરાગમાં ગવાયછે તેજ છે. પરંતુ આ ચોપડીમાં આપેલા રાતના તથા દિવસના બધા રાગની હોળી આપવામાં આવી છે. રાતના કેટલાક રાગની હોળી તો સાંભળવામાં વખતે આવેછે, પણ દિવસના રાગની હોળી જવલેજ ગાવામાં આવેછે.

ઐ. આ ચોપડીનું છેલ્લું લક્ષણ હું નરહરરામની બનાવેલી સાત રાગમાળા છે. એ રાગમાળાના વિષયો બોધકારક અને લાભકારક છે. દરેક રાગમાળામાં જે રાગમાં જે લેવાનું છે તે રાગનું નામ, તેની તાલ, સમનો અક્ષર તથા સૂર અને તેની સાથે તે રાગની જે ચીજ પ્રમાણે તે ગાવાનું છે તે ચીજના નંબર આપેલા છે. રાગમાળાની છાપમાં જે આપેલું છે તે છેલ્લે આવેલા રાગમાં ગાવાનું છે.

૧૦. ગાતાં શીખનારને હાલમાં અમુક સારીગમો શીખવવામાંઆવેછે તેના સિવાય હું નરહરરામની બનાવેલી કેટલીએક નવી સૂર સાધનને માટે ઘણી કામ લાગે એવી સારીગમ આપવામાં આવી છે. તે સિવાય બીજી સારીગમ ઉપયોગી લાગ્યાથી નીચે પ્રમાણે આપેલી છે.

૧. સાગમ રીમપ ગપધ મધની પનીસા.

સાનીપ નીધમ ધપગ પમરી મગસા.

૨. સાગમ રીમપની ગપધસા.

સાધપગ નીપમરી ધમગસા.

૩. સાગસા મરીમ પગપ ધમધ નીપની સાધસા.

સાધસા નીપની ધમધ પગપ મરીમ સાગસા.

૪. સાગસા રીમરી ગપગ મધમ પનીપ ધસાધ.

ધસાધ પનીપ મધમ ગપગ રીમરી સાગસા.

૧૧. સારીગમના જે સાત સ્વર છે તે વખતે અડધા બતાવવામાં આવેછે, જેમકે ગ઼ામ્, ઋામ્. આવું હોય ત્યારે (મ) પ્રત્યક્ષ બોલવો નહીં, પણ ફક્ત તેનો સ્વરજ કાઢવો. એ પ્રમાણે ગમ્પ્ હોય તો (મ) અને (પ) ના સ્વરજ કાઢવાના છે.

૧૨. સિતાર મેળવવાની પૂરતી સમજ તો આપવામાં આવી છે, પરંતુ કેટલાક દોસ્તોની મજબૂત બાયરા ઉપરથી તાઉસ મેળવવાની બાબતમાં લખવાનું એ છે કે, તાઉસમાં પાંચ તાર હોયછે, પહેલો પોલાદનો બાજનો તાર, બીજા બે પિત્તળના જોડના તાર, ચોથો પોલાદનો પંચમનો તાર, અને પાંચમો પિત્તળનો ખરજનો તાર. સત્તર પડદાની સિતારની માફક સત્તર પડદાનો તાઉસ હોય તો પાંચે તાર મેળવવા બાબત તથા એ તારના પડદા જોડના સંબંધ બાબત સિતારને લગતું જે કહેલું છે તે તાઉસને પણ લાગુ પડેછે. તાઉસમાં બાજુ પડતી લાકડાની ખુંટી હોયછે. એ ખુંટીની સંખ્યા સાત, નવ કે અગીઆર હોયછે; અને એઓને તરપ કરીને કહેછે. એ તરપો મેળવવામાં બાજનો તારનો સ્વર કેટલો ઊંચો છે એ જોવાનું છે. જો બાજનો તાર નીચો લાગે તો બીજા એટલે પંચમના પડદાના સ્વર પ્રમાણે મેળવવી. ધૈવત, નિષાદ અથવા સ્વરના પડદા પ્રમાણે પણ મેળવી શકાય. મતલબ કે જોડના તારને ખરજ ગણ્યાથી જે ખરજ સપ્તક થાયછે તેનો જે મધ્યમ બાજના તાર ઉપર બોલેછે તે મધ્યમથી તરપો મેળવવાનું શરૂ કરવાનું છે. મધ્યમ પ્રમાણે મેળવવાનો અર્થ એવો કે પહેલી તરપનો સ્વર બાજના તારના સ્વર જેટલો રાખવો, અને ત્યારપછી બીજી તરપો બીજા સ્વરો પ્રમાણે મેળવવી.

૧૩. રાગ વિદ્યારૂપી જે સાગર છે તે ખરે ઘણોજ દૂર અને અમાપ્ય છે. એ સાગરનો કોઈ પૂરતી રીતે પાર પામ્યો નથી. કેટલાક વિદ્વાનોએ એ

સાગરમાં પ્રવેશ કરીને તેમાં ભરેલા ભારે ખજાનો મોટે દરજ્જે સંપાદન કીધો છે, કેટલાએકે એ સાગરના છેક નજદીકના કીનારા ઉપરથી મોટા મોટા પથરા વીણી લીધેલા છે, અને કેટલાએક આઘેના કીનારાપરથી કાંકરા વીણી લીધેલા છે. પરંતુ હમે તો છેક દૂરના કીનારા આગળની થોડી થોડી ઝીણી ઝીણી કાંકરીઓ ફક્ત ઊચકી લીધી છે. અર્થાત એ વિદ્યાવિશેનું હમારૂં જ્ઞાન હમે છેક અલ્પ સમજીએછુંએ. એમ છતાં કેટલાક મિત્રોની મજબૂત ભલામણ ઉપરથી હમારાથી બનતો શ્રમ લઈને આ લઘુ પુસ્તક છપાવીને બહાર પાડવાની હમે હિમ્મત ધરી છે, અને હમે એવી આશા રાખીએછુંએ કે હમારા સુજ્ઞ ગ્રાહકો તથા વાંચનારા જે સારૂં અને ફાયદાકારક લાગે તે ગ્રહણ કરશે, અને જે ભૂલ ભરેલું જણાય તે હમને કહેશે અથવા લખી જણાવશે. જો એમ કરવાની તેઓ મેહેરબાની કરશે તો હમે ખરા દીલથી તેઓનો ઉપકાર માનીશું, અને મોટી ખુશીની સાથે બીજી આવૃત્તિમાં તેમના બતાવેલા ફેરફાર તથા સુધારા દાખલ કરીશું. જે સાત રાગમાળા હું નરહરરામે બનાવેલી છે તે બીજી ચાલો કરતાં ગવી બહુ કઠણ છે. તોપણ જે ગૃહસ્થોની એ રાગમાળા સાંભળવાની અથવા શીખવાની મરજી હોશે તેઓને સમજાણ પડે એવી રીતે હું ગાઈ બતાવીશ અને શીખવીશ. તેમજ આખી ચોપડીમાં જેટલું આપેલું છે તે બાબત જે ખુલાસો કરવાની કોઈની ઈચ્છા હોશે તે ખુલાસો ઘણી ખુશીની સાથે કરીઆપવામાંઆવશે.

૧૪. એકી નજરે બધું જોવામાં આવે એટલા સારૂ આ ચોપડીને છેડે જે કોષ્ટક આપેલું છે, તેમાં જુદા જુદા રાગોનો જે વખત બતાવ્યો છે તે હમારા જાણ્યા પ્રમાણે બતાવ્યો છે. એ બાબતમાં જુદે જુદે ઠેકાણે મતફેર માલમ પડે ખરો.

૧૫. હમારી છપાવેલી જાહેરખબરમાં એવું હતું કે આ ચોપડી આઠ પેજી અને ૮૦ પાનાની થશે. પરંતુ હમારા ધાર્યા કરતાં કામ બહુ વધીગયું, એટલે બમણા કરતાં પણ વધારે થઈ ગયું, અને એ કામના એટલા બધા વધારાને લીધે ખરચમાં ઘણો ઉમેરો થઈ ગયો, તેથી આ ચોપડીની કિમ્મત હમે ૧-૪-૦ રાખી છે. જે સદ્‌ગૃહસ્થો આગમજથી ગ્રાહક થયલા છે તેઓને તો લખેલી કિમ્મત, એટલે દરેક નકલના બાર આના પ્રમાણેજ આપવામાં આવશે.

નરહરરામ નરભેરામ મુનશી.
લલિતારામ નરભેરામ મુનશી.

# अनुक्रमणिका.

# ગાયનદર્પણ.

૧. રાગ એ શબ્દ રંજ એટલે રીજવવું એ ધાતુમાંથી નીકળેલો છે. અમુક સ્વરોની દીલપસંદ ખારા મેળવણીવડે કાન ઉપર ધ્વની પડયાથી મનરૂપી આંખઆગળ જે છાયો અથવા આભાસ પડેછે તેને રાગ કહેછે.

૨. રાગની બનાવટને માટે જે સ્વરોની જરૂર છે તે સ્વર બધા મળીને સાત છે. એ સ્વરોને સૂર પણ કહેછે. સાત સ્વરનાં નામ નીચે પ્રમાણે:—

૧ ષડજ. ૨ રીષભ. ૩ ગાંધાર. ૪ મધ્યમ. ૫ પંચમ. ૬ ધૈવત. ૭ નિષાદ.

૩. સાત સ્વરનાં ટુંકાં રૂપ નીચે પ્રમાણે :—

સા રી ગ મ પ ધ ની.

૪. સા બોલતી વખત નાક, તાળવું, જીભ, દાંત, ગળું, અને છાતી, એ બધાનો ખપ પડેછે, તેથી એને ષડજ કહેછે.

૫. સાત સ્વર જે જગોએથી બોલવામાં આવેછે તે જગાને સ્થાન કહેછે. એ સ્થાનનાં નામ નીચે પ્રમાણે:—

| | | |
|---|---|---|
| ૧ ષડજ—નાભી. | ૪ મધ્યમ—કંઠ. | ૭ નિષાદ—નાક. |
| ૨ રીષભ—હૃદય. | ૫ પંચમ—મુખ. | |
| ૩ ગાંધાર—*વક્ષસ્થળ. | ૬ ધૈવત—તાળવું. | |

૬. સાત સ્વરના ઉચ્ચારનો મુકાબલો જાનવરની બોલીજોડે કરવામાં આવ્યો છે. એ જાનવરોનાં નામ નીચે મુજબ છે:—

| | | |
|---|---|---|
| ૧ ષડજ—મોર. | ૪ મધ્યમ—ક્રૌંચ પક્ષી. | ૭ નિષાદ—હાથી. |
| ૨ રીષભ—ગાય. | ૫ પંચમ—કોયેલ. | |
| ૩ ગાંધાર—બકરો કે ઘેટો. | ૬ ધૈવત—ઘોડો. | |

૭. સાત સ્વર જે છે તે એકબીજાથી અલાહેદા છે, અને દરેકની પછી અવકાશ રાખવામાં આવી છે. એ અવકાશને મૂર્છના કહેછે. દરેક સ્વરની પછી ત્રણ મૂર્છના હોયછે, તેથી બધી મળીને એકવીસ મૂર્છના છે.

---

* હૃદય અને કંઠ એ બન્નેની વચ્ચે આવેલા ભાગને વક્ષસ્થળ કહેછે.

૮. દરેક સ્વર બોલતી વખતે કેટલો વખત લેવો એ બતાવવાને વાસ્તે દરેક બે સ્વરની વચ્ચે છૂટ રાખેલી છે. એ છૂટને સુરથા અથવા શ્રૃતિ કહેછે. એ સુરથાની સંખ્યા બાવીસ છે તે નીચે પ્રમાણે.—

| | | |
|---|---|---|
| ૧ ષડજ—ચાર. | ૪ મધ્યમ—ચાર. | ૭ નિષાદ—બે. |
| ૨ રીખબ—ત્રણ. | ૫ પંચમ—ચાર. | |
| ૩ ગાંધાર—બે. | ૬ ધૈવત—ત્રણ. | |

૯. સ્વરને બોલતી વખતે દરેકને લગતી સુરથાની સંખ્યા ઉપર નજર રાખવામાં આવે તો તેઓને બોલવાની રીત નીચે પ્રમાણે છે :—

| | | |
|---|---|---|
| ૧ સા આ આ આ. | ૪ મ અ અ અ. | ૭ની ઈ. |
| ૨ રી ઈ ઈ. | ૫ પ અ અ અ. | |
| ૩ ગ અ. | ૬ ધ અ અ. | |

૧૦. સાત સ્વર છે તે બધા એક સરખી રીતે નહીં, પણ નીચા ઊંચા બોલવાના છે. જો સરખીજ રીતે બોલવામાં આવે તો બધા નાનીમાંથી બોલાય. પરંતુ બધાનાં સ્થાન જુદાં છે, તેથી એઓને બોલવાની રીત પણ જુદી છે. અનુક્રમે બરાબર વખતે દરેક સ્વર બોલાય તેને માટે દરેકની સુરથા ઉપર નજર રાખવાની છે, અને બરાબર ઊંચાઈએ બોલાય તેટલા વાસ્તે દરેકનું સ્થાન નજરમાં રાખવાનું છે.

૧૧. સાત સ્વરમાં સ્થાઈ એટલે જેમાં કંઈ ફેરફાર થતો નથી એવા બેજ છે, તેનાં નામ ષડજ અને પંચમ.

૧૨. અસ્થાઈ એટલે જેમાં ફેરફાર થાયછે એવા પાંચ છે. તેનાં નામ, રીખબ, ગાંધાર, મધ્યમ, ધૈવત, અને નિષાદ.

૧૩. અસ્થાઈના બે ભેદ છે. રીખબ, ગાંધાર, ધૈવત, અને નિષાદના ભેદ એક સરખા છે, અને મધ્યમના જુદા છે.

રીખબ, ગાંધાર, ધૈવત, અને નિષાદના ભેદનાં નામ.

૧ તીવ્ર. ૨ કોમળ. અને મધ્યમના ૧ શુદ્ધ. ૨ તીવ્ર.

૧૪. કુદરતી નિયમ પ્રમાણે જે સ્વર નીકળેછે તેને શુદ્ધ સ્વર કહેછે, ને શુદ્ધ સ્વરથી નીચા સ્વરનું નામ કોમળ અને ઊંચા સ્વરનું નામ તીવ્ર. કોમળને ઉતરતી અને તીવ્રને ચઢતી પણ કહેવામાં આવેછે.

૧૫. રીખબ, ગાંધાર, ધૈવત, અને નિષાદ, એ સ્વરોના કોમળ તથા તીવ્ર સ્વર મળીને આઠ સ્વર થાયછે, અને મધ્યમના શુદ્ધ અને તીવ્ર એવા બે સ્વર થાયછે, અને એ સ્વરોમાં ષડજ અને પંચમ ઉમેર્યા એટલે એકંદર બાર સ્વર થાયછે. રીખબ, ગાંધાર, ધૈવત, અને નિષાદના ચાર શુદ્ધ સ્વર દાખલ કરવાથી સ્વરની સંખ્યા કુલે સોળ થાયછે.

## સપ્તક વિશે.

૧૬. સાથી તે ની સુધી જે સાત સ્વર છે તેને સપ્તક કહેછે. સપ્તક એટલે સંસ્કૃતમાં સંપૂર્ણ.

૧૭. સપ્તકમાં પહેલા તો ત્રણ સુર છે. તેનાં નામ, ખરજ, પંચમ, અને ટીપ.

૧૮. સપ્તક બંધી મળીને ત્રણ છે. સાથી તે ની સુધી પહેલી સપ્તક ગણવાની છે. નીચામાં નીચો ખરજનો સુર એટલે સા બોલીને ચઢતા ચઢતા ની લગી ગયા પછી ટીપને ખરજ કરીને ની લગી ચઢવામાં આવે તો તે બીજી સપ્તક થાય, અને એજ પ્રમાણે આગળ ચાલ્યાથી ત્રીજી સપ્તક થાય.

૧૯. પેહેલી સપ્તકને ખરજ સપ્તક કહેછે, બીજીને મધ્યમ સપ્તક, અને ત્રીજીને ટીપ સપ્તક કહેછે.

૨૦. ગ્રામ એટલે ઘર અથવા મુકામ. ત્રણ સપ્તકની માફક ત્રણ ગ્રામ છે. તેનાં નામ, ખરજગ્રામ, મધ્યમગ્રામ, અને ટીપગ્રામ.

૨૧. ત્રણે સપ્તક સુધી ચઢતા ચઢતા જવું એ માણસના ઘાંટાના બંધારણ ઉપર આધાર રાખેછે. સાધારણ રીતે બે અથવા અઢી સપ્તક લગી જઈ શકાયછે. જેના ઘાંટાનું બંધારણ ઘણું મજબૂત હોયછે એવા કેટલાક માણસો બહુ મહેનતથી ત્રીજી સપ્તક લગી અથવા તેથી પણ વધારે ચઢી શકેછે.

૨૨. સાથી તે ની લગી ચઢતા ચઢતા જવું એને આરોહણ કહેછે. અને નીથી તે સા લગી ઉતરતા ઉતરતા આવવું એને અવરોહણ કહેછે.

૨૩. ત્રણે સપ્તકના સુર એક સરખી રીતે બોલવાના નથી, તેથી જ્યારે અમુક સુરોની મેળવણી આપવામાં આવે, ત્યારે જોઈતી સપ્તકમાં તે સુરો બોલાય એટલા સારૂ કંઈ પણ નિશાણીની જરૂર છે. નિશાણી સાથેની ત્રણ સપ્તક નીચે પ્રમાણે છે:—

ખરજ સપ્તક. સા રી ગ મ પ ધ ની
v v v v v v v

મધ્યમ ,, સા રી ગ મ પ ધ ની

v v v v v v v
ટીપ ,, સા રી ગ મ પ ધ ની

૨૪. શુધ્ધ, તીવ્ર અને કોમળની સમજ પડે તેને માટે નિશાણીસાથે ત્રણે સપ્તક આપવામાં આવે તો નીચે મુજબ:—

શુધ્ધ સા રી ગ મ પ ધ ની.
કોમળ સા રી ગ (મ) પ ધ ની.

તીવ્ર સા રી ગ મ પ ધ ની

ખરજ સપ્તક.

શુધ્ધ સા રી ગ મ પ ધ ની.
v v v v v v v

કોમળ સા રી ગ (મ) પ ધ ની
v v v v v v v

તીવ્ર સા રી ગ મ પ ધ ની
v v v v v v v

મધ્યમ સપ્તક.

શુધ્ધ સા રી ગ મ પ ધ ની
કોમળ સા રી ગ (મ) પ ધ ની

તીવ્ર સા રી ગ મ પ ધ ની

ટીપ સપ્તક.

v v v v v v v
શુધ્ધ સા રી ગ મ પ ધ ની

v v v v v v v
કોમળ સા રી ગ (મ) પ ધ ની

v v v v v v v
તીવ્ર સા રી ગ મ પ ધ ની

૨૫. જેમ હાથ ધ્રૂજેછે તેમ સાતે સૂરનું ગળામાં ધ્રૂજવું કે કાંપવું થાયછે તેને કંપક કહેછે. એ પ્રમાણે સાતે સૂર બોલવામાં આવે તો નીચે મુજબ:—

સા આ આ આ આ આ આ આ આ
રી ઈ ઈ ઈ ઈ ઈ ઈ ઈ ઈ
ગ અ અ અ અ અ અ અ અ
મ અ અ અ અ અ અ અ અ
પ અ અ અ અ અ અ અ અ
ધ અ અ અ અ અ અ અ અ
ની ઈ ઈ ઈ ઈ ઈ ઈ ઈ ઈ.

૨૬. ક્રમકથી ગાયન બહુ રસિક તથા મધુર લાગેછે. ઉપર દરેક સ્વરને આઠવાર કાઢ્યા બંધાણો છે એમ લખેલું છે, પણ એનો કંઇ મેળ નથી. જેટલીવાર ધ્રૂજાવવાની જરૂર હોય એટલીવાર લંબાવવો એ જુદા જુદા રાગ ગાતી વખતે નજરમાં રાખવાનું છે.

૨૭. મૂળે જે સાત સ્વર છે તેમાંથી રાગરાગણી ઉત્પન્ન થાય, અને તેઓનું ખરૂં રૂપ દર્શાય એટલા સારૂ ચાર સ્વર જુદા પાડવામાં આવ્યા છે. તેનાં નામ, ૧ બાદી. ૨ સમબાદી. ૩ અમબાદી. ૪ વ્યાધી. બાદી સ્વરને પ્રધાન સ્વર પણ કહેછે.

૨૮. બાદી સ્વરનો દરજ્જો રાજાના જેવો છે, સમબાદીનો વજીરના જેવો, અમબાદીનો અમીરના જેવો, અને વ્યાધીનો દુશમનના જેવો છે.

૨૯. કેટલાક રાગરાગણીમાં બાદી વગેરે બધા સ્વર આવેછે, અને કેટલાકમાં બધા નથી આવતા. એ ઉપરથી રાગના ત્રણ ભાગ પાડવામાં આવ્યા છે તે નીચે પ્રમાણે:—

૧ આડવ. ૨ ખાડવ. ૩ સંપૂર્ણ.

૩૦. આડવ એટલે પાંચ સ્વરવાળા, ખાડવ એટલે છ સ્વરવાળા, અને સંપૂર્ણ એટલે સાત સ્વરવાળા.

૩૧. આ ચોપડીમાં છેંતાળીસ રાગ આપેલા છે તે મધે કામોદ, માલકોસ, બીભાસ અને સારંગ, એટલા આડવ છે, સોહેણી અને મારવો ખાંડવ છે, અને બાકીના સંપૂર્ણ છે.

૩૨. બધા મળીને ચાળીસ સંપૂર્ણ છે તેમાં પણ કેટલાક એવા છે કે જેમાં આરોહણમાં બધા સ્વર આવતા નથી. એવા રાગનાં નામ નીચે પ્રમાણે:—

૧ ખમાચી. ૨ સોરઠ. ૩ દેશ. ૪ મલાર. ૫ બેહાગ. ૬ શંકરો. ૭ બીહંગ. ૮ કેદારો. ૯ અસાવરી. ૧૦ બીલાવર. ૧૧ ધનાસરી. ૧૨ માંઢ. ૧૩ ગોડી. એ સંપૂર્ણ રાગોમાં કેટલા અને કયા સ્વર આરોહણમાં નથી આવતા એ આગળ બતાવેલું છે.

૩૩. જેટલા રાગ આપેલા છે તેમાંના ઘણા ખરાની અસ્તાઇનો ઠાઠ મધ્યમ સપ્તકમાંજ આવેછે, પણ થોડાએક એવા છે કે તેઓની અસ્તાઇનો ઠાઠ દર્શાવવાને ખરજ સપ્તક અથવા ટીપ સપ્તકના સ્વર લેવાની જરૂર છે. એવા રાગના નામ નીચે પ્રમાણે.

૧ રાએસો. ૨ સીંધુડો. ૩ જેજેવંતી. ૪ ઝીંઝોટી. ૫ જંગલો. ૬ પીલુ. ૭ ખારવો. એટલા સંપૂર્ણ રાગમાં છે, આડેવ આને સોહેણી અને મારવો છે. એ બધાનો ખુલાસો અગાડી આપેલો છે.

૩૪. સાત સૂરનો સંજોગ નીચે પ્રમાણે:—

૧. સારીગ–રીગમ–ગમપ–મપધ–પધની–ધનીસા.

સાનીધ–નીધપ–ધપમ–પમગ–મગરી–ગરીસા.

૨. સારીસારીગ–રીગરીગમ–ગમગમપ–મપમપધ–પધપધની ધનીધનીસા. સાનીસાનીધ–નીધનીધપ–ધપધપમ–પમપમગ–મગમગરી. ગરીગરીસા.

૩. સારીગમ–રીગમપ–ગમપધ–મપધની–પધનીસા.

સાનીધપ–નીધપમ–ધપમગ–પમગરી–મગરીસા.

૪. સારીગમપ–રીગમપધ–ગમપધની–મપધનીસા.

સાનીધપમ–નીધપમગ–ધપમગરી–પમગરીસા.

૫. સાગ રીમ ગપ મધ પની ધસા.

સાધ નીપ ધમ પગ મરી ગસા.

૬.

| | |
|---|---|
| સારીગ સારીગ સારી સારીગમ | સાનીધ સાનીધ સાની સાનીધપ |
| રીગમ રીગમ રીગ રીગમપ | નીધપ નીધપ નીધ નીધપમ |
| ગમપ ગમપ ગમ ગમપધ | ધપમ ધપમ ધપ ધપમગ |
| મપધ મપધ મપ મપધની | પમગ પમગ પમ પમગરી |
| પધની પધની પધ પધનીસા. | મગરી મગરી મગ મગરીસા. |

૭.

| | |
|---|---|
| સારી સારી નીસારીગ | સાની સાની રીસાનીધ |
| રીગ રીગ સારીગમ | નીધ નીધ સાનીધપ |
| ગમ ગમ રીગમપ | ધપ ધપ નીધપમ |
| મપ મપ ગમપધ | પમ પમ ધપમગ |
| પધ પધ મપધની | મગ મગ પમગરી |
| ધની ધની પધનીસા | ગરી ગરી મગરીસા |

૮. સારીગ સારીગ સારી સારી ગમપધનીસા.

સાનીધ સાનીધ સાની સાની ધપમગરીસા.

૯.

| | |
|---|---|
| સારી સારી સાગ | સાની સાની સાધ |
| રીગ રીગ રીમ | નીધ નીધ નીપ |
| ગમ ગમ ગપ | ધપ ધપ ધમ |
| મપ મપ મધ | પમ પમ પગ |
| પધ પધ પની | મગ મગ મરી |
| ધની ધની ધસા | ગરી ગરી ગસા. |

૧૦. સારી રીગ ગમ મપ પધ ધની નીસા.

સાની નીધ ધપ મપ મગ ગરી રીસા.

૧૧. સાસા રીરી ગગ મમ પપ ધધ નીની સાસા.

સાસા નીની ધધ પપ મમ ગગ રીરી સાસા.

૧૨. સાસાસા રીરીરી ગગગ મમમ પપપ ધધધ નીનીની સાસાસા.

સાસાસા નીનીની ધધધ પપપ મમમ ગગગ રીરીરી સાસાસા.

૧૩. સાસાસાસા રીરીરીરી ગગગગ મમમમ પપપપ ધધધધ નીનીનીની
સાસાસાસા. સાસાસાસા નીનીનીની ધધધધ પપપપ મમમમ ગગ
ગગ રીરીરીરી સાસાસાસા.

૧૪. સારીસા રીગરી ગમગ મપમ પધપ ધનીધ નીસાની સારીસા

સારીસા નીસાની ધનીધ પધપ મપમ ગમગ રીગરી સારીસા.

૧૫. સારીસા. સારીગરીસા. સારીગમગરીસા. સારીગમપ મગરીસા.
સારીગમપધ પમગરીસા. સારીગમપધની ધપમગરીસા.

સારીગમપધનીસા નીધપમગરીસા.

૧૬. સાનીસા. સાનીધનીસા. સાનીધપ ધનીસા સાનીધપમ પધનીસા.

સાનીધપમગ મપધનીસા. સાનીધપમગરી ગમપધનીસા.

સાનીધપમગરીસા રીગમપધનીસા. સાનીધપમગરીસા.

૧૭. સારી સાગ સામ સાપ સાધ સાની સાસા

સાસા નીસા ધસા પસા મસા ગસા રીસા.

૧૮. સાસા સારી સાગ સામ સાપ સાધ સાની સાસા.

સાસા નીસા ધસા પસા મસા ગસા રીસા સાસા.

૧૯. સાસા રીરી ગગ મમ પપ ધધ નીની સાસા

સાસા નીની ધધ પપ મમ ગગ રીરી સાસા.

૨૦. સાસાસા નીની સાનીધ. નીનીની ધધ નીધપ. ધધધ પપ ધપમ. પપપ મમ પમગ. મમમ ગગ મગરી. ગગગ રીરી ગરીસા.

૨૧. સાસાસા રીરી સારીગ. રીરીરી ગગ રીગમ. ગગગ મમ ગમપ.

મમમ પપ મપધ. પપપ ધધ પધની. ધધધ નીની ધનીસા.

સાનીધ નીની ધધધ. નીધપ ધધ પપપ. ધપમ પપ મમમ. પમગ મમ ગગગ. મગરી ગગ રીરીરી. ગરીસા રીરી સાસાસા.

૨૨. પધનીસા પધનીસા પધનીસા મગરી મગરી મગરી

ગરીસા ગરીસા ગરીસા સાગમ સાગમ સાગમ

૨૩. સા રી ગ મ પ ધ ની સા

સા રી ગ મ પ ધ ની સા સા ની ધ પ મ ગ રી સા ગરીસા.

ઉપર પ્રમાણે ગાંધારને ખરજ કરવાથી બહુ સારૂં લાગેછે, કારણ કે એમાં ભૈરવીનો કંઈક સ્વર આવેછે.

૩૫. સાત સ્વરના સંયોગને-રાગના અલંકાર એટલે શણગાર કહેછે. એવા અલંકારની મદદથી જુદા જુદા રાગોનાં ખરાં રૂપ દર્શાવવામાં આવેછે.

૩૬. સાત સ્વરમાંથી અમુક સ્વરની મેળવણીથી તથા તેઓની આરોહી અવરોહી એટલે ચઢ ઉતર નિયમસર કરવાથી જુદા જુદા રાગની ખરી દર્શાવટ અને ખુબીમાં લીનતાદર્શક વધારો થાયછે તે વધારાને તાન કરીને કહેછે.

૩૭. અમુક રાગ ગાવામાં જે સ્વર આવે તે સ્વર બરાબર પકડીને કોઈ ગાય તો એમ કહેવાય કે તે સ્વરમાં ગાયછે, પણ જો તે એ પ્રમાણે નહીં કરે તો તે બેસુરૂં ગાયછે અથવા બહારો થાયછે એમ કહેવાય. જોઈતા સ્વરની બરાબર મેળવણી તથા આરોહી અવરોહી પર બારીક નજર રાખવાથીજ સાચી તાન થઈ શકેછે.

૩૮. તાન કરવામાં બનતી કોમળતાની જરૂર છે. જોઈતી મીઠાસ કોમળતાથી આવેછે. ઘણી હોહા કરવાથી, અને ઝાટકા મારવાથી રાગનું રૂપ બગડે છે, અને ખરી દર્શાવટ થતી નથી, અને મધુરતા તદન જતી રહેછે. માટે તાન કરતી વખતે બહુ સાવચેતી રાખવી જોઈએ.

૩૯. તાન બધી મળીને (૪૯) ઉનન્ચાસ છે. તેની વિગત એવી છે કે જ્યારે સપ્તકના એકેક સ્વરને સાતવાર ગાવામાં આવે, ત્યારે તે (૪૯) ઉનન્ચાસ થાય. તેની રીત એમ છે કે સરગમની રીતે પહેલાં ખરજથી શરૂ કરવામાં આવે તો તે નિખાદ સુધી સાત થાય. પછી રીખબને સ્વર ગણીને આરંભ કરે તો ટીપ એટલે બીજી ખરજ તે સપ્તકની નિખાદ થાય. એમ કીધા પછી ગાંધારને સ્વર ગણીને સપ્તક માંડે ત્યારે રીખબ બીજી સપ્તકનો સ્વર થાય. આગળી દરેક સ્વરને સપ્તક ઠેરવી સરગમ કરવામાં આવે ત્યારે ગણતરીમાં ૪૯ થાય. એ પ્રમાણે દરેક સ્વરનો કોટ બનેલો છે, અને તેનો કોઠો નીચે પ્રમાણે:—

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સા | રી | ગ | મ | પ | ધ | ની |
| સા | રી | ગ | મ | પ | ધ | ની |
| સા | રી | ગ | મ | પ | ધ | ની |
| સા | રી | ગ | મ | પ | ધ | ની |
| સા | રી | ગ | મ | પ | ધ | ની |
| સા | રી | ગ | મ | પ | ધ | ની |
| સા | રી | ગ | મ | પ | ધ | ની |

આલાપ.

૪૦. આલાપ એ તાનનું મંડાણ છે. ખરજ અને પંચમ જે બે સ્થાઈ સ્વર છે તે બે સ્વર કાઢીને ટીપનો સ્વર લેવો, અને પછી ટીપ, પંચમ, અને ખરજ લેવા. એ આલાપનો આરંભ છે. એટલું કર્યા બાદ જે રાગ દર્શાવવો હોય તેનાં આવતા સ્વરોની અમુક રીતની મધુર મેળવણી તથા આરોહી અવરોહી કરવામાં આવેછે. એમ કરવાથી તે રાગનું ખરૂં રૂપ સ્પષ્ટ દર્શાયછે. આલાપને આલાપચારી પણ કહેછે. આલાપ જુદી જુદી જાતના છે.

૪૧. ગ્રહ એટલે કોઈ પણ રાગનું જે સ્વરથી મંડાણ થાયછે તે, અને ન્યાસ એટલે કોઈ પણ રાગનું જે સ્વર આગળ અટકવું થાયછે તે. ગ્રહને માટે બીજો શબ્દ પકડ, અને ન્યાસને માટે આટક છે.

૪૨. જે સ્વરપર અમુક રાગની ખરી દર્શાવટનો આધાર છે તેને પ્રધાન સ્વર કહેછે.

૪૩. ગાતી વખત કોઈ પણ સ્વરને એકદમ છોડીને બીજો સ્વર પકડવો એને લાગ કહેછે.

૪૪. ગાતી વખત અમુક સ્વરને દબાવી દેવો એને ડાટ કહેછે.

૪૫. કોઈ પણ ચીજ ગાતાં ગાતાં જે સ્વર આગળ વહા વહા બોલવામાં આવેછે તે સ્વરપર તે ચીજનું માન છે એમ કહેવાયછે. માનને માટે બીજો શબ્દ સમ છે.

૪૬. ગાવાની કોઈ પણ ચીજના આરંભમાં જેટલું ગાવામાં આવેછે તેને અસ્તાઈ અથવા મોહોરો કહેછે.

૪૭. કોઈ પણ ચીજની અસ્તાઈના વિસ્તારને અંતરો કહેછે, અને તે ચીજ બનાવનારનું નામ આવે એવા તેના વધુ વિસ્તારને આભોગ કહેછે.

૪૮. ખરજ સપ્તક, મધ્યમ સપ્તક, અને ટીપ સપ્તક બાબત જેટલું કહેલું છે તે બધું વધારે સારી રીતે સમજ્યામાં આવે એટલા સારૂ કોઈ પણ વાજીત્રની જરૂર છે, એમ સમજી સિતાર નામનું વાજીત્ર લઈને તેને વિષે નીચે પ્રમાણે ખુલાસાવાર ટીકા કરવામાં આવેછે.

૪૯. સિતાર એક ઘણુંજ ઉપયોગી વાજીત્ર છે. એમાં સાધારણ રીતે ૧૬ કે ૧૭ પીતળના પડદા હોયછે, અને સાત ખુંટી હોયછે. એ ખુંટીને સાત તાર બાંધવામાં આવેછે. સહુથી આગલો તાર પોલાદનો હોયછે, અને તેને

બાજનો તાર ક છે. બીજો અને ત્રીજો તાર પીતળનો હોયછે, અને એ બે તારને જોડ અથવા જોડના તાર કહેછે. ચોથો તાર પણ પીતળનો હોયછે, અને તે ખરજનો તાર કહેવાયછે. પાંચમો તાર પોલાદનો હોયછે, અને તેને પંચમનો તાર કહેછે. છઠ્ઠો તાર પણ પોલાદનો હોયછે, તેને સૂર એટલે ટીપનો તાર કહેછે. સાતમો તાર પણ પોલાદનો હોયછે, તેને પપૈયાનો તાર કહેછે.

૫૦. બાજના તારનો ખાલી સૂર શુદ્ધ મધ્યમ છે, અને એનો સૂર જોડના તારના ચોથા પડદાના સૂરજોડે મળતો આવેછે. તેથી જો જોડના તારને ખાલી વગાડીને ખરજ કરવામાં આવે તો તે તારનો બીજો પડદો રીખબ, ત્રીજો ગાંધાર, અને ચોથો મધ્યમ થાય. એમ આગળ ચાલતાં બાજના તારનો બીજો પડદો પંચમ, ત્રીજો ધૈવત, ચોથો કોમળ નિષાદ, પાંચમો તીવ્ર નિષાદ, અને છઠ્ઠો સૂર અથવા ટીપ થાય. એ પ્રમાણે ખરજ સપ્તક થાયછે.

૫૧. બાજના તારના છઠ્ઠા પડદાને ખરજ કરવામાં આવે તો સાતમો રીખબ, આઠમો ગાંધાર, નવમો શુદ્ધ મધ્યમ, દસમો તીવ્ર મધ્યમ, અગીઆરમો પંચમ, બારમો ધૈવત, તેરમો નિષાદ, અને ચઉદમો ટીપ થાય. એ બીજી એટલે મધ્યમ સપ્તક થઈ.

૫૨. બાજના તારના ચઉદમા પડદાને ખરજ કરવામાં આવે તો પંદરમો પડદો રીખબ, સોળમો ગાંધાર, અને સત્તરમો મધ્યમ થાય.

૫૩. પહેલી સપ્તકમાં બાજના તારનો પહેલો પડદો તીવ્ર મધ્યમ છે, અને બીજી સપ્તકમાં ઉપર કહ્યા પ્રમાણે દસમો પડદો તીવ્ર મધ્યમ છે.

૫૪. જોડના બે તારનો ખાલી સૂર બાજના તારના છઠ્ઠા પડદાના સૂરજોડે મળતો આવેછે. ખરજનો સૂર જોડના તારના ચોથા પડદાના સૂરના જેવો છે, પાંચમા તારનો સૂર બાજના તારના બીજા પડદાના સૂરજોડે મળતો આવેછે; છઠ્ઠા તારનો સૂર બાજના તારના છઠ્ઠા પડદાના સૂરજોડે મળતો આવેછે; અને પપૈયાનો સૂર બાજના તારના અગીઆરમા અથવા ચઉદમા પડદાના સૂર પ્રમાણે આવેછે.

૫૫. ખરજના તારને ખાલી વગાડીને ખરજ કરવામાં આવે તો તે તારનો બીજો પડદો રીખબ, ત્રીજો ગાંધાર અને ચોથો શુદ્ધ મધ્યમ થાય. એ મધ્યમનો સૂર જોડના તારના ખાલી સૂરના જેવો છે, તેથી એ ચોથા પડદાને બદલે જોડનો તાર ખાલી લેવામાં આવે તો તે શુદ્ધ મધ્યમ થાય, અને આગાડી

ચાલવામાં આવે તો જોડના તારનો બીજો પડદો પંચમ, ત્રીજો ધૈવત, ચોથો પડદો અથવા બાજ ખાલી નિષાદ, અને બાજના તારનો ત્રીજો પડદો ટીપ થાય. એ સપ્તકને ખરજ સપ્તક ગણાય.

૫૬. ટીપ એટલે બાજના તારના બીજા પડદાને ખરજ કરવામાં આવે તો ત્રીજો પડદો રીખબ, ચોથો કોમળ ગાંધાર, પાંચમો શુદ્ધ ગાંધાર, છઠ્ઠો મધ્યમ, સાતમો પંચમ, આઠમો ધૈવત, નવમો કોમળ નિષાદ, દસમો શુદ્ધ નિષાદ, અને અગીઆરમો ટીપ એ બીજી એટલે મધ્યમ સપ્તક થઈ.

૫૭. અગીઆરમા એટલે ટીપના સ્વરને ખરજ કરવામાં આવે તો બારમો રીખબ, તેરમો ગાંધાર, ચઉદમો મધ્યમ, પંદરમો પંચમ, સોળમો ધૈવત, અને સતરમો નિષાદ થાય. એ ત્રીજી એટલે ટીપ સપ્તક થઈ.

૫૮. બાજના ખાલી તારપર શુદ્ધ મધ્યમ મેલેછે તેને ખરજ કીધો હોય તો બીજો પડદો રીખબ, ત્રીજો ગાંધાર, ચોથો શુદ્ધ મધ્યમ, પાંચમો તીવ્ર મધ્યમ. છઠ્ઠો પંચમ, સાતમો ધૈવત, આઠમો નિષાદ, અને નવમો ટીપ થાય. એ ખરજ સપ્તક થઈ.

૫૯. બાજના તારના નવમા પડદાને ખરજ કરવામાં આવે તો દસમો પડદો કોમળ રીખબ, અગીઆરમો શુદ્ધ રીખબ, બારમો ગાંધાર, તેરમો શુદ્ધ મધ્યમ, ચઉદમો પંચમ, પંદરમો ધૈવત, સોળમો નિષાદ, અને સતરમો ટીપ. એ મધ્યમ સપ્તક થઈ.

૬૦. જોડના તારના ચોથા પડદાનો સ્વર બાજના તારના ખાલી સ્વર જે શુદ્ધ મધ્યમનો છે તેને મળતો આવેછે, તેમ એના પાંચમા પડદાનો તીવ્ર મધ્યમનો સ્વર બાજના તારના પહેલા પડદાના તીવ્ર મધ્યમના સ્વર જેવો છે; એનો છઠ્ઠો પડદો પંચમનો છે તે બાજના તારના બીજા એટલે પંચમના પડદાને મળતો આવેછે; સાતમો પડદો ધૈવતનો છે તે ત્રીજા ધૈવતના પડદાને મળતો આવેછે; આઠમો શુદ્ધ નિષાદનો છે તે પાંચમા શુદ્ધ નિષાદના પડદાને મળતો આવેછે, નવમો એટલે ટીપનો પડદો છઠ્ઠા એટલે ટીપના પડદાને મળતો આવેછે.

૬૧. જોડના તારના નવમા પડદાને ખરજ કરવામાં આવે તો દસમો પડદો કોમળ રીખબ, અને અગીઆરમો શુદ્ધ રીખબ થાય. એ શુદ્ધ

રીષભનો પડદો ખરજના તારનો સાતમો પડદો જે શુદ્ધ રીષભનો છે તેના જેવો છે. બારમો ગાંધારનો પડદો આઠમા ગાંધારના પડદા જેવો છે, તેરમો તીવ્ર મધ્યમનો પડદો દસમા તીવ્ર મધ્યમના પડદા જેવો, ચઉદમો પંચમનો પડદો અગીઆરમા પંચમના પડદાના જેવો, પંદરમો ધૈવતનો બારમા ધૈવતના પડદાના જેવો, સોળમો નિષાદનો તેરમા નિષાદના પડદાના જેવો, અને સતરમો ટીપનો પડદો ચઉદમા ટીપના પડદાના જેવો છે.

૬૨. ખરજના તારના પડદાનો મુકાબલો જોડના તારના પડદા જોડે ઉપર પ્રમાણે કરવાનો છે.

૬૩. જુદા જુદા રાગની સારીગમ વગેરે નીચે પ્રમાણે:—

### કલ્યાણ ૧.

૬૪. એ સંપૂર્ણ રાગ છે. એમાં શુદ્ધ અને તીવ્ર બન્ને મધ્યમ આવે છે, અને ગાંધાર અને ધૈવત તીવ્ર છે. એ રાગનો પ્રધાન સ્વર ગાંધાર છે.

સા રી ગ મ મ પ ધ ની સા. સા ની ધ પ મ મ ગ રી સા.

ઠાઠ ૧.—ત્રિતાલ, સમ ધ પર છે.

૬૫. રિરિ ગગ ધપ. ગરિગમગરિસા. ॥ રિરિ. ॥ સાસાસાસા ધપ ગરિગમ ગરિસા. ॥ રિરિ ॥ ગગ પધ સાસાસાસા. ધનીસારિસાનીધપ. ગગગગ રિરિ સાસા. ગગગગ રિરિસાસા. ॥ રિરિ. ॥

### ઠાઠ ૨.

૬૬. ધનીસારિ ગરિસા. પમગરિસા. ધપમગરિસા. ॥ ધનીસારિગરિસા. ॥ ગરિગપગરિસા પમગરિસા ધપમગરિસા નીધપમગરિસા સાનીધપમગરિસા ॥ ધનીસા ॥ ધનીસારિગરિસા ગરિસા રિસાની સાનીધ નીધપ ધપમ પમગ મગરિ ગરિસા ગરિસા ॥ ધનીસા ॥ નીસા ધની પધ મપ ગમ રિગ સારી નીસા ॥ ધની સા ॥ પધનીસા નીરિ ગગગગ પરી ગમપધપમગરિસા ગરિસા ॥ ધનીસા ॥ મપધનીસા ધનીસા સારિગરિસા ગરિસા ગરિસા ॥ ધનીસારિગરિસા. ॥

ઠાઠ ૩.—નાચવાની ગતનો, ચલતી, રી પર સમ છે.

નીનીસા રીરીગમગરીગસા નીનીસારીરીગમગરીગસા ॥ નીનીસા ॥ પપમ ધધમપમગરીગ સારીરીગમગરીગસા ॥ નીનીસા ॥ સાસા રીરીસાસાસાધ પમગ સારીરીગમગરીગસા ॥ નીનીસા ॥ સા સા પ ધ ધ પ ધ ધ પ સાસાસા ગગગ ગરીગ પમગ રીરીગ સારીરીગમગરીગસા ॥ નીનીસા. ॥

કાફી ૨.

૬૭. સંપૂર્ણ. ગાંધાર અને નિષાદ કોમળ, અને રીખબ અને ધૈવત તીવ્ર છે. એટલે ગ ની રી ધ. પંચમ પ્રધાન સ્વર છે. ગાંધાર ગ્રહ અને પંચમ ન્યાસ છે. નિષાદ પણ ગ્રહ ગણાય.

સા રી ગ મ પ ધ ની સા સા ની ધ પ મ ગ રી સા.

ઠાઠ.

૬૮. સારીગમપ પમગમરિસા ॥ સારીગમપ ॥ ધપમગમરિસા નીધપમગ રિસા. સાનીધપમગમરિસા ॥ સારીગમપ ॥ સારીગમધપ પમગમરિસા ॥ સારી ગમપ ॥ મપધનીસા ગમરિસા પમગમરિસા નીધપમગમરિસા સાનીધપમગમ રિસા સાનીધપમગમરિસા ॥ સારિગમપ ॥

કાહ્નડો ૩.

૬૯. સંપૂર્ણ. ગ ની રી ધ એટલે ગાંધાર અને નિષાદ કોમળ, અને રીખબ અને ધૈવત તીવ્ર છે. શુધ્ધ નિષાદ પણ આવેછે, અને આરોહમાં લેવાની છે. એ રાગનો પ્રધાન સ્વર ની છે. ખરજ ગ્રહ અને ગાંધાર ન્યાસ છે.

સા રી ગ મ પ ધ ની સા સા ની ધ પ મ ગ રી સા.

૭૦. સારીગ ગામરિસા મગામરિસા પમગામરિસા ॥ સારીગગામરિસા ॥ ધ પમગામરિસા નીધપમગામરિસા સાનીધપમગામરિસા ॥ સારીગ ॥ સારીગમગા મરિસા સારિગમપ મગામરિસા સારિગમપધ પમગામરિસા સારિગમપધની ધપ

મગામરિસા સારિગમપધનીસા નીધપમગામરિસા ॥ સારીગ ॥ નીસાગામરિસા ની

સાગામરિસા પમગામરિસા પમગામરિસા નીસારિગામરસા સાનીધ પધનીસા

સાનીધપ મપમગ પમગ મગ મગામરિસા ॥ સારીગ ॥ સાઆઆઆ ગામરિસા ॥

સારીગ ॥ નીનીનીની સાસાસાસા નીસારાગામરિસા પમગામરિસા ધપમગામ

રિસા રીસાનીધ પધનીસા સાનીધપમગામરિસા નીસારિસાનીધપ મપધનીસા

ગામરિસા ॥ સારીગ ગામરિસા ॥

ઠાઠ ૨.—અલતી, પ ઉપર સમ.

૭૧. નીસારિરિ રિસારિરિ પપગગરીસા ॥ નીસારિરિ ॥ રિરિમમપપપપસાસા

નીનીપપની રીમરીસા નીસારિરિપપગગરીસા ॥ નીસારિરિ ॥ નીનીનીનીસાસાસાસા

નીસારાસાસાનીધપ મમમમપપપપ સાનીધપપપની ॥ નીસારિરિ ॥

## શીયાણો ૪.

૭૨. સંપૂર્ણ. ગ ની રી ધ એટલે ગાંધાર અને નિષાદ કોમળ, અને રીખભ અને ધૈવત તીવ્ર છે. મધ્યમ ગ્રહ અને પ્રધાન સ્વર છે.

સ રી ગ મ પ ધ ની સા સા ની ધ પ મ ગ રી સા

૭૩. ધધપપ મમપપ ધા સા સાનીધપમગરીસા ॥ ધધપપ ॥ સાધમપગ

રીમરીસા રીરીસાસા રીમ પપ ધા સા ॥ ધધપપ ॥ નીનીનીની સાસાસાસા

નીસારી સા નીસા નીની. મમમમ રીરીસાસા મમ પપ ધા સા ॥ ધધપપ ॥.

## અડાણો ૫.

૭૪. સંપૂર્ણ. ગ ની એટલે ગાંધાર અને નિષાદ કોમળ છે. શુદ્ધ નિષાદ પણ આવેછે. રીખભથી મદ્યમલગી ગ્રહ છે. ગાંધાર ઓછી બોલેછે, અને આરોહમાં નહીં જેવી છે.

સા રી ગ મ પ ધ ની સા સા ની ધ પ મ ગ રી સા.

ઠાઠ ચોતાલનો.—સમ સા પર.

૭૫. રીમપસા નીધપ મમમમમ મમમ મમમપ ગાગા ગારીસા રીરીમમપપ નીસાસાસા રીરીસાસાનીધપ ॥ રીમપસા ॥ સાસાસાસા સાસાસાસાસાસા નીસારીરીસાનીધપ મપનીસા રીરીસા સાનીધપ ॥ રીમપસા ॥

ખમાચ ૬.

૭૬. સંપૂર્ણ. નિષાદ બે છે એટલે ની અને ની, આરોહમાં ની અને અવરોહમાં ની છે. ગ એટલે ગાંધાર તીવ્ર છે. આરોહમાં રીખબ અને ધૈવત આવતા નથી. ગાંધાર ગ્રહ અને પ્રધાન સ્વર છે, અને નિષાદ ન્યાસ છે.

સા ગ મ પ ની સાં સાં ની ધ પ મ ગ રી સા

ઠાઠ ૧.—ચોતાલ, સમ ની પર.

૭૭. મગમપનીસાસાસાનીધ મગમપમગમરિસા સાસામગમધનીસા ગગ રીસારીસાનીધ॥ મગમપ॥ મપધનીસાસાનીસા નીસારીસા નીસારીસાનીધ મમ મગમધનીસા રીરીસારીસારીસાનીધ ॥ મગમપ ॥

ઠાઠ ૨.—સમ, બીજા મ પર.

૭૮. નીસારીસાનીધપ મગગમ ॥ નીસારી ॥ નીસારીસાનીધપ નીસારીસાની ધપ નીસારીસાનીધપ મગગમ ॥ નીસારી ॥ મમધનીસાસાસા નીસાસારીસાનીધ સામગમરીગસારાનીસાનીરીસાનીધ ॥ નીસારી ॥

રાચસો ૭.

૭૯. સંપૂર્ણ. ગ ની એટલે ગાંધાર અને નિષાદ કોમળ છે. શુદ્ધ નિષાદ પણ આવેછે. એ રાગની અસ્તાઈનો ઠાઠ દર્શાવવાને મધ્યમ સપ્તક જોડે ખરજ સપ્તક લેવાની છે. મધ્યમ સપ્તકના રીખબથી તે ખરજ સપ્તકના પંચમ લગી લેવામાં આવે અને પછી પંચમથી રીખબ લગી લેવાય તો એ રાગના રૂપની દર્શાવટ થાય, તેથી એ રાગની સારીગમ નીચે મુજબ છે.

પ ધ ની સા રી ગા ગા રી સા ની ધ પ.

ઠાઠ.

૯૦. રીસાનીધપ પધનીસા ગારેનીસા ॥ રીસાનીધપ ॥ મગારેનીસા પમગા રેનીસા ધપમગારેનીસા નીધપમગારેનીસા સાનીધપમગારેનીસા ॥ રીસાનીધપ ॥ મપધનીસા ગારેનીસા પપપધનીસા ગારેનીસા ॥ રીસાનીધપ ॥ પધનીસા ગારેની સા સાનીધપમગારેનીસા સાનીધપમગારેનીસા ॥ રીસાનીધપ ॥ મગારેનીસા મ ગારેનીસા. સાસાસામમપપધપમગારેનીસા પપપપમગારેનીસા ॥ રીસાનીધપ. ॥

## તીલંગ ૮.

૯૧. સંપૂર્ણ. એ રાગ ખમાચીને મળતો આવેછે. આરોહમાં રીખબ અને ધૈવત બાદ છે. ની એટલે નિષાદ કોમળ છે. ની એટલે તીવ્ર નિષાદ પણ આવેછે. ગ એટલે ગાંધાર તીવ્ર છે. ગ ગ્રહ અને ની ન્યાસ છે.

સા ગ મ પ ની સા  સા ની ધ પ મ ગ રી સા.

ઠાઠ.—ગાયવાની ગતનો. પંજાબી (ની) પર સમ.

૯૨. સાગગમપ નીનીધપમમગ ॥ સાગગ ॥ સાસાસાસાસાપધ નીનીધપ મમગ ॥ સાગગ ॥ સામગમસાસાપધનીની ધપમમગ ॥ સાગગ. ॥

## સિંધુડો ૯.

૯૩. સંપૂર્ણ. ગ અને ની એટલે ગાંધાર અને નિષાદ કોમળ છે. તીવ્ર નિષાદ પણ આવેછે. આરોહમાં તીવ્ર નિષાદ, અને અવરોહમાં કોમળ નિષાદ લેવાની છે. શુદ્ધ મધ્યમ ગ્રહ છે અને પ્રધાન સ્વર છે. એ રાગ એવો છે કે એની અસ્તાઈનો ઠાઠ દર્શાવવાને એકલી મધ્યમ સપ્તક બસ નથી. તેથી કરીને એની સારીગમ જુદી રીતે નીચે પ્રમાણે છે.

ધારા પ્રમાણે. સા રી ગ મ પ ધ ની સા  સા ની ધ પ મ ગ રી સા.

બીજી રીતે. સા મ પ ધ ની સા ગરીસા  સા ની ધ પ મ ગ રી સા.

ઠાઠ.—ધમાલ. ગ પર સમ.

૮૪. મપનીસાગરીસા. ધપમગરીસા. સાસારીરીમમપપનીસારીસાનીધપ ॥ મપનીસા ॥ મપનીસાગરીસા પમગરીસા ધપમગરીસા સાનીધપમગરીસા સાસા રીરીમમપપનીસારીસાનીધપ ॥ મપનીસા ॥ નીધપમગરીસા સાનીધપમગરીસા નીધપમગરીસા સાનીધપમગરીસા ॥ સાસારીરી ॥ મપનીસા ॥ મપનીસાગરીસા મપનીસાગરીસા મપનીસાગરીસા સાનીધપમગરીસા સાનીધપમગરીસા ॥ સાસા રીરી ॥ મપનીસા ॥ મમપપ નીસા ગગરીસા નીસા. સાનીસારીસાનીધપ ॥ મપ નીસા ॥ સાનીધ પમગરીસા. સાસારીરીમમપપનીસારીસાનીધપ મપનીસાગ રીસા ॥ મપનીસા. ॥

## કેદારનાટ ૧૦.

૮૫. સંપૂર્ણ. મધ્યમ શુદ્ધ અને તીવ્ર બન્ને આવેછે. ની એટલે નિષાદ કોમળ છે. ગ-ધ એટલે ગાંધાર અને ધૈવત તીવ્ર છે. ગ કે મ ગ્રહ છે. ધ ન્યાસ છે. મધ્યમ કે પંચમ પ્રધાન સ્વર છે.

સા રી ગ મ મ પ ધ ની સા   સા ની ધ પ મ મ ગ રી સા.

ઠાઠ.—ત્રિતાલ. ધ પર સમ.

૮૬. મગમપધપ રીગમપગામૂરેસા ॥ મગમપધપ ॥ પમગામૂરેસા ધપમગામૂરેસા નીધપમગામૂરેસા સાનીધપમગામૂરેસા ॥ મગમપધપ રીગમપગામૂરેસા ॥ મગમપધપ ॥ મગામૂરેસા પમગામૂરેસા સાનીધપમગામૂરેસા ॥ મગમપધપ ॥ ધપમગામૂરેસા નીધપમગામૂરેસા ધપમગામૂરેસા નીધપમગામૂરેસા ॥ સાનીધપ મગામૂરેસા ॥ મગમપધપ. ॥

## કામોદ ૧૧.

૮૭. આડવ એટલે પાંચ સ્વરનો રાગ છે. ગાંધાર અને નિષાદ આવતા નથી. આરોહમાં રીખબ અને ધૈવત લેવાના નથી. મધ્યમ

તીવ્ર છે. શુદ્ધ મધ્યમ પણ આવેછે. મધ્યમ ગ્રહ અને ધૈવત ન્યાસ છે. મધ્યમ પ્રધાન સ્વર ગણાય.

સા મ પ સા સા ધ પ મ રી સા.

૮૮. પ્રોફેસર આદિતરામના પુસ્તકમાં આપેલી એ રાગની સારીગમ નીચે પ્રમાણે છે.

સા પ મ ધપ મ. સારિસા. સાસારેરે.

## છાયાનાટ ૧૨.

૮૯. એ રાગ ખાડવ એટલે છ સ્વરવાળો છે એમ કેટલાકનું કહેવું છે. પરંતુ ની એટલે કોમળ નિષાદ આવે ખરી, તેથી સંપૂર્ણમાં ગણી શકાય. ગાંધાર અને ધૈવત તીવ્ર છે. એનો પ્રધાન સ્વર ધૈવત છે. ધૈવત કે રીખભ ગ્રહ છે, અને પંચમ ન્યાસ છે.

સા રી ગ મ પ ધ ની સા સા ની ધ પ મ ગ રી સા.

ઠાઠ.—ઝુમરો. ગામ્ પર સમ.

૯૦. ધધપપ રીગમપગામૂરેસા ધસા ધપ સાસારે રીગમપગામૂરેસા ॥ ધધપપ રીગમપગામૂરેસા ॥ ધધપપ. ॥

## જંગલો ૧૩.

૯૧. સંપૂર્ણ. મધ્યમ તીવ્ર છે. ધૈવત ગ્રહ અને ગાંધાર ન્યાસ છે. ગાંધાર તીવ્ર છે. ધૈવત પ્રધાન સ્વર છે. શુદ્ધ મધ્યમ પણ આવેછે. એ રાગના મોહોરાનો ઠાઠ દર્શાવવાને મધ્યમ સપ્તકના ગાંધારથી તે ખરજ સપ્તકના ધૈવતલગી જવાનું છે. અંતરામાં મધ્યમ સપ્તકના પંચમલગી લેવાનું છે. ધૈવત પણ લઈ શકાય. તેથી એ રાગની એ સારીગમ નીચે પ્રમાણે છે:—

સા રી ગ મ પ ધ ની સા સા ની ધ પ મ ગ રી સા.

ધ ની સા રી ગ ગ રી સા ની ધ.

ઠાઠ.

૯૨. સાધધસારીગા પમગમૂરેસા સારીગા. ધપમગમૂરેસા સારીગા ॥ સાધધ સારીગા ॥ નીધપમગમૂરેસા સાનીધપમગમૂરેસા સારીગા ॥ સાધધસારીગા ॥

સાની સાનીધપ નીધપમ ધપમગ પમગામરેસા સારીગા ॥ સાધધસારીગા ॥
સાસાગગમમપપ સાસાગગમધપપ મમગરીગરીસા મમમમપમગમરેસા સારીગા ॥
સાધધસારીગા ॥

### ઝીંઝોટી ૧૪.

૬૩. સંપૂર્ણ. ની અને ની એટલે નિષાદ, કોમળ અને તીવ્ર બન્ને આવેછે. ધૈવત પ્રધાન સ્વર છે. એ રાગને માટે એમ છે કે જે સપ્તકમાં ગાવો હોય તેજ સપ્તકમાં એનું રૂપ દર્શાવાતું નથી. તેથી જો મધ્યમ સપ્તકમાં ગાવો હોય તો ખરજ સપ્તકના પંચમથી શરૂ કરવું, અને ટીપલગી જઈને મધ્યમ સપ્તકના ગાંધાર આગળ અટકવું. એમ કરવાથી એ રાગની અસ્તાઈનો ઠાઠ આવે. અંતરામાં મધ્યમ સપ્તકના મધ્યમ-લગી જવાનું છે. આવે ધોરણે એ રાગની સારીગમ નીચે પ્રમાણે છે.

પ ધ ની સા રી ગ ગ રી સા ની ધ પ.

ઠાઠ.—ખ્યાલ. ચોથા ધ પર સમ.

૬૪. નીધપપ ધસારીરી સારિગરિસાનીધપધ॥ નીધપપ॥ ગગગ મ પમગરી સારિગરિસાનીધપધ ॥ નીધપપ ॥ સાસારી ગગરીગ રીગસાસા રિરિગગ ગમગમ ગરીગ. મમમમમમગગરિમગ સાસાસારીરીરી સારિગરિસાનીધપધ ॥ નીધપપ ધસારીરી સારિગરિસાનીધપધ ॥ નીધપપ. ॥

### માંઢ.

૬૫. સંપૂર્ણ ધૈવત પ્રધાન સ્વર છે. ખરજ ગ્રહ અને ન્યાસ છે. આરોહમાં ગાંધાર બાદ છે. ધૈવત તીવ્ર છે.

સા રી મ પ ધ ની સા સા ની ધ પ મ ગ રી સા.

ઠાઠ.

૬૬. સારીમપધ પમગરીસા સારીમપધ પમગરીસા ॥ સારીમપધ ॥ સારીમ પધનીસા સાનીધપમગરીસા ॥ સારીમપધ ॥ ધઅઅપમગરીસા ધઅઅપમગ

ગરીસા. સારીગ રીગરીસા ગરીસા ॥ સારીમપધ ॥ પપધપધસાસા ગરીસા સાનીધ નીધપ ધપમ પમગ મગરી ગરીસા. સારીગ રીગરીસા ગરીસા ॥ સારીમપધ ॥ સાસારીમપધપ ધધરીસાસા પધમમપમગરીસા સારીગ રીગરીસા ગરીસા ॥ સારીમપધ ॥ ધપમગરીસા ધપમગરીસા નીધપમગરીસા. નીધપમગરીસા ॥ સારીમપધ પમગરીસા ॥ સારીમપધ ॥

## જેજેવંતી ૧૬.

૯૭. સંપૂર્ણ. ગાંધાર કોમળ અને શુદ્ધ બન્ને આવેછે, અને નિષાદ પણ બન્ને લેવાની છે, એટલે આરોહમાં શુદ્ધ અને અવરોહમાં કોમળ. 'સારીગ' લગીમાં ગ્રહ અને ન્યાસ છે. એ રાગનો ઠાઠ દર્શાવવાને મધ્યમ સપ્તકની સાથે ખરજ સપ્તક પણ લેવાની છે. એ રાગમાં સોરઠની સાથે કાફી કે કાહાનડાનો આમેશ છે. જેવી જાતનો કોમળ ગાંધાર એ રાગમાં છે તે ઉપરથી એમ લાગેછે કે સોરઠની સાથે કાફીનો મેળાપ છે. એ રાગની સારીગમ જુદી રીતે નીચે પ્રમાણે છે.

પ ધ ની સા રી ગ મ   મ ગ રી સા ની ધ પ.

ઠાઠ.—દીપચંદી. ગ પર સમ.

૯૮. નીનીસાગરી મમમગરીસા નીસાસારીસા નીસાસાનીપ મમમગરીસા મમમપધસા નીપમ નીપમ ગસાગરી ॥ નીનીસાગરી ॥ રીગમપગસાગરી ॥ નીની સાગરી ॥ મમમપનીનીસાસા નીસાગસાનીસાનીપ મમરીસા રીમપપધસા નીપમ નીપમ ગસાગરી ॥ રીગમપગસાગરી ॥ નીનીસાગરી ॥

## સોરઠ ૧૭.

૯૯. સંપૂર્ણ. ની અને ની એટલે કોમળ અને તીવ્ર બન્ને નિષાદ આવેછે, આરોહમાં તીવ્ર, અને અવરોહમાં કોમળ. રીખબ પ્રધાન સ્વર છે, અને 'સા રી મ' પર ન્યાસ છે. આરોહમાં ગાંધાર અને ધૈવત બાદ છે.

સા રી મ પ ની સા   સા ની ધ પ મ ગ રી સા.

ઠાઠ.—ઝુમરો. ની પર સમ.

૧૦૦. રીરીમપનીસા પધપમરીરી નીસાનીસા પધપમરીરી નીપ મધપમરીરી॥ રીરીમપનીસા પધપમરીરી॥ મમમપનીસા નીપમપનીસારીરીરીરીરીરી નીનીનાની સાસા નીનીસાસાનીપ ॥ રીરીમપ ॥ ધપમરીરી ધપમરીરી ધપમરીરી રીરીરીરી રીરીસા ॥ રીરીમપ ॥ રીગમપ ધપમરીરી. નીસાનીસાનીનીસાનીપ પધપમરીરી રીરીરીરીરીરીસા ॥ રીરીમપનીસા પધપમરીરી ॥ રીરીમપ ॥

દેશ ૧૮.

૧૦૧. સંપૂર્ણ. પંચમ લગી ન્યાસ છે. નિષાદ તીવ્ર છે. એ રાગમાં અને સોરઠમાં નિષાદની બાબતમાંજ ફેર છે, બાકી બીજા સ્વર સરખા છે. પ્રધાન સ્વર ધૈવત છે. આરોહમાં ગાંધાર અને ધૈવત લેવાના નથી.

સા રી મ પ ની સા  સા ની ધ પ મ ગ રી સા.

ઠાઠ ૧.—ઝુમરો. બીજા સા પર સમ.

૧૦૨. રીગમપમગ સાગરીનીસા રીગમપમગ રીગરીનીસા ॥ રીગમપ ॥ પરીગમપમગ રીગરીનીસા સાપગમપમગ સાગરીનીસા ॥ રીગમપ ॥ સાસાનીસા રીરી પધપમગરી ॥ રીગમપ ॥ સાસાધપમગ રીગરીનીસા મગમપ મધપમગરી ॥ રીગમપમગ રીગરીનીસા ॥ રીગમપ ॥

ઠાઠ ૨.—દીપચંદી. ચોથી રી પર સમ.

૧૦૩. રીરીમગરીગસાસા નીસામગરી રીરીમગરીગસાસા નીસામગરી ॥ રીરીમગ ॥ રીગમમપપ ધપમગરી નીસાનીસા ધપમગરી ॥ રીરીમગ ॥ રીરીમમ પપપપ પધપમગરી રીરીમગરીગસાસા નીસામગરી ॥ રીરીમગ. ॥

મલાર ૧૯.

૧૦૪. સંપૂર્ણ. પંચમ ગ્રહ છે, અને ધૈવત પ્રધાન સ્વર છે. આરોહમાં ગાંધાર નહીં લેવો.

સા રી ગ મ પ ધ ની સા  સા ની ધ પ મ ગ રી સા.

ઠાઠ ૧.—સોરઠ મલ્લાર. ઝુમરો. ત્રીજા મ પર સમ.

૧૦૫. રીરી મપ ધપ મગરીગ મમ. રીરી મપ ધપ મગરીગ મમ ॥ રીરી મપ ॥ નીનીસાસા નીરીસાનીધપ ॥ રીરીમપ ॥ મમ મપ નીસા નીધમપનીસારી નીનીપધનીસા નીરીસાનીધપ ॥ રીરીમપધપ મગરીગમમ ॥ રીરીમપ. ॥

ઠાઠ ૨.—નટ મલાર. પંજાબી. પેહેલા મ પર સમ.

૧૦૬. પપ ગગ નીરીસાસા મમગગરીગમપ ॥ પપગગનીરીસાસા મમગગ રીગમપ ॥ પપ ગગ ॥ સાધપમગનીરીસાસા મમગગરીગમપ ॥ પપગગ ॥ મમ પપપપગ મમ ધનીસાસાસા. મમગગનીરીસાસા મમ ગગ રીગમપ ॥ પપગગ નીરીસાસા.મમ ગગ રીગમપ ॥ પપગગ. ॥

બેહાગ ૨૦.

૧૦૭. સંપૂર્ણ. ગાંધાર ગ્રહ છે, અને પ્રધાન સ્વર પણ એજ છે. આરોહમાં રીખબ અને ધૈવત બાદ છે. ગાંધાર તીવ્ર છે.

સા ગ મ પ ની સા સા ની ધ પ મ ગ રી સા.

ઠાઠ ૧.—ઝુમરો. ત્રીજા ગ પર સમ.

૧૦૮. સાગમપનીસા સાનીધપ ગમપ મગમરેસા ગગમરી ગમપ મગમરે સા ॥ સાગમપનીસા ॥ પપનીસા સાસાસાસા નીનીસાસા પપધનીઈઈઈ. સાગરીસા પપનીધસાનીધપ ગમપમગમરેસા ॥ સાગમપનીસા સાનીધપ ગમપમગમરેસા સાગમપનીસા ધપમગ ગમપમગમરેસા ॥ સાગમપનીસા. ॥

ઠાઠ ૨.—તીલાણો. સા પર સમ.

૧૦૯. ગગમપ ગ મગરીનીસા. ગગમપગ મગરીનીસા ॥ ગગમપ ॥. સાગ સાગ મગરીનીસા ॥ ગગમપ ॥ સાનીધપ ધપમગ મગરીનીસા ॥ ગગમપ ॥ સાગ રીમ ગપ મધ પની ધસા સાધ નીપ ધમ પગ મરી ગસા ॥ ગગમપ ॥ સાનીધપ મગરીનીસા ॥ ગગમપ ॥ નીસા ધની પધ મપ ગમ રીગ સારી નીસા ॥ ગગમપ ॥

સાસાગમપ ધધનીધપ મપધસાસા પપધધપ ગગપપમ રીરીમમગ સાસાગગરી

નીનીરીરીસા ॥ ગમમપ ॥ સાસાસાસાસાસા ધધધધધધધ પપપપપપપ મગરી

નીસા ॥ સાગમપ. ॥

શંકરો ૨૧.

૧૧૦. સંપૂર્ણ. ગાંધાર પ્રધાન સ્વર છે. ગાંધારથી તે પંચમ લગી ગ્રહ અને ન્યાસ છે. ગાંધાર તીવ્ર છે. આરોહમાં રીખબ અને ધૈવત લેવાના નથી. અવરોહમાં ગાંધારની સાથે રીખબ એ માલમ મળી જાયછે.

સા ગ મ પ ની સા સા ની ધ પ મ ગ રી સા.

ઠાઠ પંજાબી સમ ૫ પર.

૧૧૧. સાસાનીની સાસા ગગ પપમમ ગગગ. સાસાનીની સાસાગગ પપમમ ગગગ ॥ સાસાનીની ॥ ગમપપ નીનીસાસા નીનીધધ પપધ. ગગગગ ગમપ પપ મમગગગ. ॥ સાસાનીની ॥ ગગગમ પપનીની સાસાસાસાસાસાસા નિનિનિનિ નિનિનિનિ સાનીધપમગ. સાસાગગ સાસા નીની પપ મમ ગગગ. સાનીપપ ગમપ પપ.મમ ગગગ ॥ સાસાનીની ॥ ગમપસા સાનીધપ પપ મમ ગગગ. નીનીની સાગપપ મમ ગગગ ॥ સાસાનીની ॥ ગમપ ગમપ પપમમ ગગગ. ગમપ ગમપ પપ મમ ગગગ ॥ સાસાનીની ॥ નીનીની સાગ પ પ મમ ગગગ. નીનીની સાગ પપ મમ ગગગ ॥ સાસાનીની. ॥

બીહંગ ૨૨.

૧૧૨. સંપૂર્ણ. આરોહમાં રીખબ અને ધૈવત બાદ છે. ધૈવત પ્રધાન સ્વર છે. એ રાગ બેહાગને મળતો આવેછે. ગાંધાર ગ્રહ છે, અને મધ્યમ ન્યાસ છે.

સા ગ મ પ ની સા સા ની ધ પ મ ગ રી સા.

ઠાઠ.—ઝુમરો. બીજા મ પર સમ.

૧૧૩. ધધ પમગ સા ગગમ. ધધ પ મગ સા ગગમ ॥ ધધ પ મગ ॥ સાનીધપમગ સા ગગમ ॥ ધધ પ મગ ॥ સા ગગમ. પપ ગમ. ॥ ધધ પ મગ ॥ સા ગગમ. મરીસા. સા ગમધનીસા સાનીધપમ ॥ ધધ પ મગ ॥ સા ગગમ સાનીધપમગરીસા સા ગગમ ॥ ધધ પ મગ ॥ સા ગગમ સાનીધપમગરીસા સા ગગમ ॥ સા ગગમ સાનીધપમગરીસાસા ગગમ ॥ ધધ પ મગ ॥ ગગ પની સાસા સાસા સાસાસા સાનીધપમ. મમ ગમ પપ નીની સાનીધપમ ॥ ધધ પ મગસા ગગમ ॥ ધધ પ મગ. ॥

સોહેણી ૨૩.

૧૧૪. એ રાગ ખાડવ એટલે છ સૂરવાળો છે, એટલે એમાં પંચમ આવતો નથી. રીખબ અને ધૈવત કોમળ લેવાના છે. રીખબ ગ્રહ અને ગાંધાર પ્રધાન સૂર છે. એ રાગને માટે એમ છે કે મધ્યમ સપ્તકમાં ગાવો હોય તો ટોપ સપ્તકના રીખબથી શરૂ થાય ત્યારેજ એની અસ્તાઈનો ઠાઠ આવે. તેથી એ રાગની સારીગમ નીચે મુજબ છે.

સા ગ મ ધ ની સા સા ની ધ મ ગ રી સા

સા ગ મ ધ ની સા ગ રી સા ની ધ મ ગ ગ સા.

ઠાઠ ત્રિતાલ.—ત્રીજા સા પર સમ.

૧૧૫. રિરિરિસા નિસા ધનિસા. સાનિધમગ મધ નિનિસા ॥ રિરિરિસા ॥ ગગરિસા નિસા ધનિસા. મગરિસા નિસા ધનિસા. સાનિધમગમ ધનિનિસા ॥ રિરિ રિસા ॥ સાગરિસાનિસાધનિસા. સાનિધમગ મધ નિનિસા ॥ રિરિરિસા ॥ ધધ ધનિસા ગમમગ. મગરિસા નિસા ધનિસા. સાનિધમગ મધનિનિસા ॥ રિરિરિસા ॥ ગગ. મધ નિનિસાસા નિસાનિધમધનિનિ ધનિધમગ. ધધ ધનિસા ગમમગ મગમગ મધપમગ. મગરિસા નિસા ધનિસા. સાનિધમગ મધનિનિસા ॥ રિરિ રિસા નિસા ધનિસા. ॥

## પરજ ૨૪.

૧૧૬. સંપૂર્ણ. મુદ્દેઅમ એ છે. રી અને ધ એટલે રીખબ અને ધૈવત કોમળ છે. પરજ કે ગાંધાર ગ્રહ અને ધૈવત ન્યાસ છે. એ રાગમાં ભૈરવનો છાયો માલમ પડેછે.

સા રી ગ મ પ ધ ની સા સા ની ધ પ મ ગ રી સા.

ઠાઠ ત્રિતાલ.— પ પર સમ છે.

